આ સર્વ સુમધુર
પુષ્પોની સુવાસ એટલે જ...

# અધ્યાત્મ

વર્ષ : ૨૦
મે–૧૯૯૮
અંક : ૮

પ્રેમ
શ્રધ્ધા
ભક્તિ
પ્રભુકૃપા
યોગ
ધર્મ
સાધના
સત્સંગ

Summit

## * સાચી સાધના જ આ છે *

માણસે પોતાની ભૂલ કે નબળાઈને પકડી પાડવામાં પાછી પાની ના કરવી જોઈએ. ભૂલોને જાણી લઈને તેમને દૂર કરવા કટિબદ્ધ થવું જોઈએ. ભૂલોના પોપટ-પારાયણથી કાંઈ જ વળતું નથી. આ માટે ખૂબ નૈતિક હિંમત ને પુરુષાર્થ જોઈએ. માણસ પાણી પર તરી શકે છે, ભયંકર નદી ને સાગર પાર કરે છે, જંગલી પશુને વશ કરે છે, પર્વતો પર પ્રાણને હથેળીમાં લઈને ચઢી જાય છે, યુદ્ધ મેદાનમાં લડી શકે છે. પણ સાચી વાત એ છે કે માણસને નૈતિક સુધારણા કે આત્મોન્નતિનું સાચું ગૌરવ સમજાવું જોઈએ. માનસિક નબળાઈને દૂર કરવી જોઈએ ને તે માટે જે વ્યક્તિ કે વસ્તુના સમાગમમાં આવવાથી માનસિક નબળાઈને ને ભૂલોને પરંપરાને વેગ મળતો હોય, તે વ્યક્તિ કે વસ્તુથી દૂર રહી, તેની કામચલાઉ પરહેજી પાળવી જોઈએ. આ માટે ચોક્કસ નિયમો પ્રમાણે જીવન ઘડવું જોઈએ. આ જ સાધના કે તપશ્ચર્યા કહેવાય છે.

યોગેશ્વરજી

○

RNI No. 26/267/99 R–II

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૨૫–૦૦

વિદેશમાં રૂ. ૩૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૫૬૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| આવા છે આપણાં પૂ. મા | નારાયણ હ. જાની | ૧૧ |
| પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો વિદાય સંદેશ | મા સર્વેશ્વરી | ૧૬ |
| ભક્ત જનાબાઇ | સુશીલાબેન ભક્ત | ૧૯ |
| દેવભૂમિ દેવપ્રયાગમાં નિદાનયજ્ઞ | સંજય પંડયા | ૨૨ |
| આભાર અને શાન્તિ અર્થે પ્રાર્થના | તંત્રી | ૨૮ |
| ખૂલ્યો ખજાને પરમાત્માનો–૬ | ડો. બી. જે. જાગાણી | ૩૦ |
| ચૈત્રી નવરાત્રિ જાપયજ્ઞ | તંત્રી | ૩૫ |
| દશરથાચલનું દર્શન | હિમાંશુ પાઠક | ૪૦ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૦ મે–૧૯૯૯ અંક : ૮

## શ્રી યોગેશ્વર કથામૃત

**મા સર્વેશ્વરી**

**તા. ૧૩–૭–૮૧, સોમવાર, અષાઢ સુદ બારસ, ૨૦૩૭,**

**સ્થળ : અમદાવાદ.**

સવારે પૂ. શ્રી પોતાનો નાનો સરખો નિયમ પણ ભૂલેચૂકે પણ તોડતા નથી. નિયમિત બધુ કાર્ય કરી જ લે છે. વ્યાયામ, ગીતાપાઠ, લેખનકાર્ય ચાલુ જ રહે છે. અગિયાર વાગ્યાસુધી એ પ્રવૃત્તિમાં રત રહે છે.

અગિયારસના ઉપવાસ પછી પૂ. શ્રી સામાન્ય રીતે ખીચડીનું જ ભોજન ઇચ્છે છે. એટલે આજે એ રીતે ખીચડી–શાક–કઢીનું ભોજન પૂ. શ્રીએ લીધું.

બાર વાગ્યે મુંબઇથી આવેલા શ્રી વિશ્વનાથ જાની, શ્રી હરગોવિંદભાઇ ભટ્ટ, શ્રી શાન્તિભાઇ દાળવાળા પૂ. શ્રીને ફરી

મળવા આવી ગયા છે. પૂ. શ્રી તેમની સાથે માતાજીની વાતો કરે છે. તે સૌ ૧૯૭૮ નવેમ્બરમાં મળ્યા હતા. ત્યાર પછી હમણાં જ મળે છે. જેથી શિબિરની, માંદગીની, યાત્રાની બધી જ વાતો પૂ. શ્રી તે સૌને વિગતવાર કરે છે.

આકાશવાણીના અમદાવાદ કેન્દ્ર ઉપર પૂ. શ્રીનો આજે વાર્તાલાપ ટેઈપ કરાવવાનો કાર્યક્રમ ગોઠવાયો હતો તેથી બે વાગ્યા સુધી સૌ સાથે વાતો કરી પૂ. શ્રી આકાશવાણી ઉપર જવા શ્રી બાબુભાઇ સાથે જાય છે. 'બ્રાહ્મી સ્થિતિ' ઉપર પૂ. શ્રી વાર્તાલાપ આપીને પાછા અહીં આવી જાય છે. ત્યાંસુધી મુંબઇના ભાઇઓ સર્વેશ્વરી સાથે વાતો કરીને વિદાય થાય છે. ત્યાં પૂ. શ્રીને નીચે ફરી મળે છે.

પૂ. શ્રી ઉપર આવી આરામ કરે છે. સર્વેશ્વરી પૂ. શ્રીના ઓરડામાં બેસીને પૂ. મોટાનું જીવનચરિત્ર 'પારસલીલા' શાંતિથી વાંચે છે. પૂ. શ્રીએ એ જોતાં કહ્યું, 'એમાંથી કંઇક સંભળાવવા જેવું હોય તો સંભળાવજો.' જેથી સર્વેશ્વરીએ નામસ્મરણથી રોગ મટે છે, તે વાંચી સંભળાવ્યું. સર્વેશ્વરીએ પુસ્તક જ્યારે મૂકી દીધું ત્યારે પૂ. શ્રીએ તે પુસ્તક લીધું અને પાનાં ફેરવવા લાગ્યા. ધુણી-વાળા દાદા કેશવાનંદની વાત પૂ. શ્રીએ મોટેથી વાંચીને કહેવા લાગ્યા, "ઋષિકેશમાં પરમાત્મદેવી છે તે અને તેમના પિતા ખૂબ શ્રદ્ધાથી દાદા કેશવાનંદની વાતો કરતાં. તેઓ તેમની પાસે થોડું રહ્યાં પણ હતાં. નિત્યાનંદ જેવા જ ઘણા અવધૂતરૂપે સિદ્ધ પુરુષો રહેતા હશે.

એ સાંભળી સર્વેશ્વરીએ કહ્યું, મને એવા સિદ્ધ પુરુષનાં દર્શન કરાવોને?



પૂ. શ્રી : સિદ્ધ પુરુષનાં દર્શન કરવાં છે? આ શું રહ્યા તમારી સામે જ તો બેઠા છે (એમ કહી પોતાની પૂ. શ્રીએ સાચી ઓળખાણ આપી.)

સર્વેશ્વરી : એ દર્શન તો કરું છું. હવે દિવ્યદર્શન કરાવોને.

પૂ. શ્રી : પ્રથમ તો સૌમાં પ્રભુદર્શન કરવાની ટેવ પાડો ને પ્રાર્થના કરો. જરૂર તમારી ભાવના પૂરી થશે. કેટલા વાગ્યા? હવે તો થોડું રામાયણ લેખન કરીએ. ડબલ ગડી વાળીને તેના પર લેખન માટે બેસી જાય છે, કલમ ચાલુ થઇ જાય છે. સર્વેશ્વરી પણ નોંધ કરી લે છે.

સમય થતાં દ્વાર ખુલી જાય છે. મુલાકાતીઓ આવવા માંડે છે. સૌ પૂ. શ્રીને અને સર્વેશ્વરીને પ્રણામ કરી બેસે છે.

એક બેન અમરનાથની યાત્રાની વાતો કરે છે, જેમાંથી સૌથી વિકટ યાત્રા કઇ તે અંગે પ્રકાશ પાડતાં કહે છે કે–

પૂ. શ્રી : અમરનાથની યાત્રા સૌથી વિકટ, ત્યાર પછી જન્મોત્રી પછી ગંગોત્રી થોડી ઓછી વિકટ યાત્રા હોય છે. કૈલાસ માનસરોવરની યાત્રા પણ ઘણી વિકટ છે. એ બધી યાત્રાઓ ન થાય ત્યાંસુધી અંદર યાત્રા કરો. અંદર જ પરમનો પ્રકાશ છે.

શ્રી વાસુદેવભાઇએ પૂ. શ્રીને વિનંતિના ભાવમાં કહ્યું:—અમારે એ અંદરની યાત્રા કરવી છે. આપ જેવા ભોમિયાની જરૂર છે. આપ વિના અમારી યાત્રા સરળ ન બને.

પૂ. શ્રી : આપણે યાત્રાએ જઇએ છીએ, ત્યારે સુખડી–પૂરીનું ભાથું લઇ જઇએ છીએ, તેમ આ અંદરની યાત્રામાં નિર્મળજીવન, પ્રભુપરાયણતા, વળી સાધના સતત ને નિયમિત બને. એ જ ભાથુ આપણે બાંધવું. તો એ યાત્રા પૂર્ણ બને છે.

અને સાત્ત્વિકતા તો આવે જ, પણ સાથે એ ખાસ ધ્યાન રાખવાનું કે, ભૂલેચૂકે પણ અમંગલ ન કરો. સાત્ત્વિકતા, ધ્યાન, જરૂર જેટલું જ્ઞાન ને પ્રભુપરાયણતા આ સૌ પ્રભુ તરફ લઈ જનારાં છે.

**પ્રશ્ન :** શક્તિપાતવાળા એમ જ કહ્યા કરે છે કે શ્રદ્ધા રાખો, શ્રદ્ધા રાખો. તો શું કરવું?

**પૂ. શ્રી :** કોઈ કહે શ્રદ્ધા રાખો, શ્રદ્ધા રાખો. લાલ મરચાં નહીં નડે. તમે શ્રદ્ધા રાખીને ખાધાં પણ મરચાં તો પોતાનું કામ કરે જ ને! તો એમાં જે શ્રદ્ધા રાખી તે તામસ પ્રકારની શ્રદ્ધા કહેવાય.

અનુભવનું પીઠબળે મળે તો તે શ્રદ્ધા પછી ગુરુમાં હોય, સંતમાં, પ્રભુમાં, કોઈ ગ્રંથમાં કે એકલવ્યની જેમ માટીમાં હોય પણ એની પાછળ સમજણ ને ભાવના હોય તો તે ઉત્તમ શ્રદ્ધા કહેવાય.

આપણી શ્રદ્ધા તો અમસ્તી જ હાલમડોલમ થવા માંડે. વરસાદ બહુ પડે તોપણ શ્રદ્ધા હાલવા માંડે. વરસાદ ઓછો પડે તોપણ શ્રદ્ધા પ્રભુ પરથી ઊડી જાય. વરસાદ મોડો પડે કે પડે નહીં તોપણ શ્રદ્ધા ડગે. પણ સાચી શ્રદ્ધા હોય તો તેની પાછળ સમજણ રહે કે આ બધી જ ક્રિયામાં કોઈકનું ભલું હશે. તેવી સમજ પાછી કોઈ પણ જાતની શરતવિનાની હોવી જોઈએ.

(આજે સંતોની શ્રદ્ધા ઉપર વાતો ચાલી રહી છે, જેથી પદ્માબેન ત્રિવેદી પૂ. શ્રીને એક પ્રશ્ન કરે છે.)

**પ્રશ્ન :** આપણે જેને શ્રદ્ધાપૂર્વક ગુરુતરીકે માન્યા હોય તે આપણને વારંવાર ટકોરે કે કડક સૂચના જ આપ્યા કરે એવું ખરું?



**પૂ. શ્રી :** સંતો તો દયાળુ, પ્રેમાળ ને મધુર હોય છે, તે કોઈ વાર તમને ટકોર કરતા લાગે, પણ તમારામાં શ્રદ્ધા દૃઢ હોય તો તે ટકોર તમને મીઠી લાગશે.

કુંભાર ઘડાને કેટલાયે ટપલા માર્યા જ કરે છે, કારણ ઘડા માટે તે જરૂરી છે. કેટલાક સંતો ટપલા જ માર્યા કરે. કેટલાક ગાળ જ બોલે, તો કેટલાક વળી પથરા પણ મારે.

મધ્યપ્રદેશના દાદા કેશવાનંદ કોઈ વ્યભિચારી કે અયોગ્ય માનવને જોઈ ગાળ જ દેવા માંડે. તો ગણેશપુરી નિત્યાનંદ મહારાજ એવાઓને પથરા પણ કોઈવાર મારે.

દરેક સંતની પદ્ધતિ હોય છે. સંત કંઈ કાયમ ઘી લગાડેલી રોટલી જ આપ્યા કરે તે જ શ્રેષ્ઠ સંત છે એવું ન માનો.

સાચો ગુરુ તો સાચો શિક્ષક છે. સાચી માતા ને સાચો પિતા છે. ગુરુ પાસે આપણને અનુકૂળ કે યોગ્ય લાગે તેવા જ વ્યવહારની અપેક્ષા હોય તો તે તમારી શ્રદ્ધા વેપારી કહેવાય

'જે હરિ કરશે તે મમ હિતનું' એવી શ્રદ્ધા હોય તો તે સાચી શ્રદ્ધા.

સારો ગુરુ હંમેશા ટકોર કરશે. વહેલા કેમ ન ઊઠ્યા! પ્રાર્થના કેમ ન કરી! જપ કેમ ઓછા કર્યાં!

એવા ટકોર કરનારા ગુરુ આપણી અસમજણને લીધે પ્રિય ન લાગે. શ્રદ્ધા કોને કહેવાય! જ્યારે કોઈ પ્રશ્ન, કોઈ શંકા, કોઈ ફરિયાદ જ નથી ત્યારે.

આપણા ગમાઅણગમાને લીધે વળી આપણામાં વિચારો, ભાવો, જડની જેમ બેસી ગયા છે. જેથી સંતો પ્રત્યે પ્રતિભાવ જ જાગ્યા કરે.

સંત કદી પણ આપણને દુઃખી કરવા માંગતા નથી. તમારે માટે સારું જ બોલશે. તમારું માનપાન કરશે એવી અપેક્ષા તમે સખા, જમાઈ, સ્વજન પાસે રાખી શકો, સંતો પાસે નહીં, સંતો પાસે તો દર્શન માટે કંઈક મેળવવા માટે જાઓ. મનના જાળામાં બધા વિચારો બંધાયા કરે એટલે જ્યારે પણ સંત પાસે જાઓ ત્યારે ખુલ્લા હૃદયે–પૂર્વગ્રહ છોડીને જાઓ.

પ્રસંશા કે સત્કારની અપેક્ષા ન રાખો. સંતોની કલ્યાણ કરવાની પદ્ધતિ જુદી–જુદી હોય છે.

અમે તો એવા એવા સંતો જોયા છે, જેની પાસે ૧ વરસ સુધી અમે નિયમિત જતા, બે બે કલાક બેસતા. તો સંત એક શબ્દની વાત પણ ન કરે. ઊલ્ટુ મોઢું ફેરવીને બેસી રહેતા. અમારી ગરજે જતા તો ૧ વરસ પછી સંતે કહ્યું, "તમારામાં ઉત્તમ યોગીનાં લક્ષણો છે."

અમને તો ત્યારે કોઈ વિરોધી વિચારો જ ન આવતા. પ્રતિકૂલતામાં પણ શ્રદ્ધા ટકી રહી. સાધનામાં માનવમનથી પર જવાની એક ભાવના, તેના ઘડતર માટે એક વરસ સુધી શ્રદ્ધા રાખી સંત પાસે જતા.

દહેરાદૂનમાં અભયમઠ છે, ત્યાં અમે રહેતા. એક ભાઈ દરરોજ ત્યાં આવવા લાગ્યા. પણ હું ત્યારે આખો દિવસ પદ્માસનમાં બેસીને જપ કર્યા કરતો. રાત્રે આંટા મારતો. શ્રી ચંપકભાઈએ તેમને રાત્રે મળશે એવો સંદેશો આપ્યો. તેઓ મને મળ્યા. તેમણે કહ્યું, "મને થોડા દિવસ પર સ્વપ્ન દર્શન થયું, તેમાં અભયમઠમાં કોઈ સંત દેખાયા. તો તે સ્વપ્ન પ્રમાણે તપાસ કરતાં તમે જણાયા. એટલે થયું કે મારે તમારો સત્સંગ કરવો જોઈએ, તેઓ એક



દિવસ તેમના ઘરે લઈ ગયા. તેમનાં માંદગીમાં પટકાયેલાં માતાએ મારી પાસે પાણી પીવાની ઈચ્છા કરી, જેથી રોગ દૂર થાય. મને એ ન ગમ્યું. છતાં મેં સ્પર્શ કરીને તે પાણી આપ્યું. તેને સારું થઈ ગયું. તો તે માતામાં શ્રદ્ધા કેવી બળવાન હશે!

**પ્રશ્ન :** આપના પૂ. માતાજીને અંતિમ અવસ્થામાં દર્દ થયું તે પ્રારબ્ધકર્મ?

**પૂ. શ્રી :** પ્રારબ્ધકર્મ તો નહીં. રમણ મહર્ષિને ગાંઠના ઓપરેશનો થયાં તે પ્રારબ્ધ હતું? રામકૃષ્ણદેવને કેન્સર થયું તે પ્રારબ્ધ હતું? ના. તો આહાર વિહારની ભૂલને લીધે એ રીતે નિમિત્ત બનવું પડે છે.

**પ્રશ્ન :** આપની પ્રાર્થના પ્રભુએ ન સાંભળી. આપ તે પ્રાર્થનાથી કેમ ના મટાડી શક્યા?

**પૂ. શ્રી :** પ્રાર્થના કરીને મટાડવાનો અર્થ ન હોત, કારણ જગદંબાએ ક્યારનું જણાવેલું કે માતાજીને હવે હું લઈ જ લઈશ તો કંઈક નિમિત્ત તો જોઈએને!

મારી તો ત્રણ પ્રાર્થના સંભળાઈ. મારી ઈચ્છા માતાજીના મૃત્યુની જાણ અગાઉથી થાય, મૃત્યુ સમયે હાજર હોઉં, મૃત્યુ સમયે માતાજીની અવસ્થા ખૂબ ઊંચી (મન પ્રભુમાં હોય) હોય. તો એ ત્રણે પ્રાર્થનાઓ સંભળાઈ.

આજે વાર્તાલાપ સવા આઠ વાગ્યાસુધી ચાલ્યો. બહાર વરસાદ જોરથી વરસી રહ્યો હતો, તેથી જનારાએ થોડીવાર રોકાવવું જ પડયું, એટલે પૂ. શ્રીએ પદ્માબેનને એક ભજન ગાવાનું કહ્યું.

ભજન ગવાયું ત્યારબાદ સૌ છૂટા પડયા.

પૂ. શ્રીએ હળવું ભોજન લીધું. ધ્યાનમાં બેઠા ને આરામ કર્યો. સર્વેશ્વરી ભોજનબાદ વડોદરા ફોન કરવા નીચે ગયાં. ફોન તો ન થયો, પણ સત્સંગની વાતોમાં રાત્રે ૧૦–૩૦ થઇ ગયા. પૂ. શ્રી પાસે ફરી આવવાનું બન્યું ત્યારે પૂ. શ્રીએ મોડું થયું છે તેનો હળવો ઠપકો આપતાં કહ્યું કે, "તમારે રાત્રે નીચે જવું જ નહીં. તમે જાઓ એટલે વાતોમાં પડી જાઓ છો. આગળ ઉપર તમારી એ ટેવ તમને જ નડશે. એના કરતાં નવ વાગ્યાથી મૌન જ લઇ લો, જેથી બધા પ્રશ્નો જ મટી જશે.

સર્વેશ્વરીએ પૂ. શ્રીની એ વાત મંજૂર રાખી. મૌનનો નિયમ તો સર્વેશ્વરીને ગમે જ છે. એટલે મૌનથી સમય બચી જશે એ હકીકત યોગ્ય જ લાગી.

થોડી વાતો બાદ એક પ્રાર્થના બોલી આરામ કર્યો. હરિઃ ૐ.

(ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫૦૦૭

ફોન : ૨૨૮૨૩૧



# આવા છે આપણાં પૂ. મા

નારાયણ હ. જાની

નવરાત્રિ એટલે શક્તિ ઉપાસના. આવી મુખ્ય નવરાત્રિઓ વર્ષમાં બે વાર આવે. એક આસો માસમાં અને બીજી ચૈત્ર માસમાં. ગયે વર્ષે આસો માસની નવરાત્રિમાં પૂ. મા અંબાજી આવવા નીકળ્યાં–અને રસ્તે ભારે અકસ્માત થતાં–ના આવી શક્યાં. પરંતુ પ્રભુની લીલા તો જુઓ, તેઓ આ વર્ષે ચૈત્રી નવ-રાત્રિમાં આવી શક્યાં. પૂરા છ મહિના પછી. પરંતુ આ છ મહિનાઓ દરમ્યાન પૂ. માએ કેટલું બધું વેઠયું? અને શારીરિક પીડા પૂ. માના મનની પ્રસન્નતા અને શાન્તિનો ભંગ ના કરી શકી, એ સહુ લોકોએ પ્રત્યક્ષ જોયું, તો સાથે સાથે પૂ. માએ એ પણ બતાવ્યું કે જીવનમાં બનતી હર ઘટના પ્રભુનો પ્રસાદ જ છે–પછી તે સારી હોય તે માઠી–ને માટે પ્રભુને કદી ફરિયાદ નહિ તે પણ સહુએ પોતાની આંખ સામે જોયું. અને છેલ્લે પૂ. માએ એ પણ બતાવી આપ્યું કે 'જુઓ, પગના હાડકાં ભાંગી ગયાં હતાં, સળિયા નાંખીને તે ભલે ફરી સંધાયાં, ને તે સળિયા ફરી કાઢી લેવાયા–અને તે પણ લોકલ એનેસ્થેસિયાનું ઇંજેક્શન લીધા વગર! કેવી પીડા થઇ હશે ત્યારે! જોનારા ડગાઇ ગયા! "દેહ છતાં જેની દશા વરતે દેહાતીત, તે જ્ઞાનીના ચરણમાં વંદન હો અગણિત." શ્રીમદ્ રાજચંદ્રની એ પંક્તિઓ આપણે ભલે ગાઇએ, પરંતુ પૂ. માએ તે પ્રત્યક્ષ જીવી બતાવી.

વળી અંબાજીના સ્વર્ગારોહણમાં તેઓએ જે પ્રણામ લીલા–

સેંકડો સાધકો સમક્ષ ખુલ્લા હોલમાં—કરી, તે તો ભલભલા પહેલ-વાનોને પછાડી દે તેવી હતી! રોજના ત્રણ બેઠકમાં પાંચસો પંચાંગ પ્રણામ—અને નિર્જળા હોય તોપણ, પગ દુ:ખતો હોય કે કમ્મરનો દુ:ખાવો અનુભવાતો હોય તોપણ, પ્રણામ થતાં જ રહેતા. બબ્બે-વાર ખાનારા યુવાનોના પણ છક્કા છૂટી જાય—એવી એ લીલા!

અમને એમ લાગ્યું કે પૂ. મા પોતાના ભારતના ભક્તોને પોતાની આ લીલાઓનાં દર્શન કરાવવા જ ભારત આવ્યાં—અને પાછાં વિદેશ ઉપડી પણ ગયાં!

પૂ. માએ આપણ સહુ સંસારીઓને એ બતાવ્યું કે પીડા કે વ્યાધિ—તમોને એકલાને જ આવે છે એવું થોડું છે? અમ જેવાં ત્યાગીનેય આવે. છતાં કેવી અદ્ભુત મનની સમતુલા, કેવી પ્રબળ તિતિક્ષા, પ્રભુપરનો કેવો અડગ અને અચળ વિશ્વાસ? આ તમે પ્રત્યક્ષ જુઓ. અમે ક્યાંય એકાંત ખૂણામાં બેસી આ વેઠયું નથી. તમો સૌની વચ્ચે વસીને, હસતા વદને વેઠયું છે. અને તેની કોઈ અસર કદી પણ અમારા વ્યવહાર પર પડવા દીધી નથી. કદી કંટાળો કે ચીડિયાપણું દર્શાવ્યું નથી. પૂ. માની હાલત જોવા આવનાર સાધકોને પૂ. માએ હસાવીને જ મોકલ્યા છે. શારીરિક પીડાથી સદૈવ ઉપર ઊઠીને પૂ. માએ પોતાના નિયમો પાળ્યા છે. જે જે પરિસ્થિતિમાં—જે જે શક્ય હતું તે બધું જ પૂ. મા કરતાં રહ્યાં છે. હાથે કાચ વાગેલા, સોજો હતો તોપણ માળાઓ કરવાનું બીજા જ દિવસથી ચાલુ કરી દીધું ને ઈજાગ્રસ્ત હાથે પણ પૂ. માએ પથારીમાં પડયાં પડયાં ડાયરીની નોંધ કરી છે. તેઓ નિયમોમાં બાંધછોડને માનતાં નથી. અનુકૂળતા હોય ને નિયમોનું પાલન થતું રહે—તેમાં કાંઈ નવાઈ નથી, પરંતુ વિપરિત પરિસ્થિતિ-ઓમાં—જ્યારે તમારું ને મારું તન અને મન—છટકબારી શોધી—



ઢીલું પડી—નિયમમાં બાંધછોડ કરવા તૈયાર થઈ જાય. કિન્તુ આ તો પૂ. મા, અરે, સર્વેશ્વરી મા—તેઓ તો સાચે જ સર્વનાં ઈશ્વર—સર્વથી શ્રેષ્ઠ જ નહિ—શ્રેષ્ઠતમ. એટલે જ પૂ. ગુરુદેવ શ્રી યોગે-શ્વરજીએ એમની પસંદગી કરતાં કહેલું કે તેઓ ભારતનાં જ નહિ, પણ સમગ્ર દુનિયાંનાં એક શ્રેષ્ઠતમ યોગિની તરીકે ઊભરી આવશે. પૂ. શ્રીની આગાહીના એ દિવસોમાં આપણને એ ખ્યાલ થોડો જ હતો કે પૂ. મામાં કેટકેટલી ક્ષમતાઓ પડેલી છે! એ તો પૂ. ગુરુદેવે પોતાની આર્ષદૃષ્ટિથી એ બધું જોયેલું. એટલે જ લોકોને શું લાગશે એનો વિચાર કર્યાવિના નિર્ભીક રીતે—પોતે જે અનુભવતા એ કહેતા. કારણ કે તેઓ એક સાચા મહાપુરુષ હતા, આર્ષદૃષ્ટા સંત હતા.

પૂ. માને અકસ્માત થયો તે સાંભળીને જ કેટલાક સાધકોને ભ્રમ થઈ ગયો. પૂ. માને તે વળી અકસ્માત થાય જ શી રીતે? તો તો તેમને સર્વસમર્થ મનાય જ શી રીતે? આવા વિચારોએ કેટલાકની શ્રદ્ધાને હાલમડોલમ કરી નાંખી. પણ પૂ. માને તો શું? આ અંગે કપૂરામાં વાતચીત કરતાં પૂ. માએ લખ્યું—"જે ખરી ગયા તે ભલે ખરી ગયા, ઘઉંમાંથી થોડા કાંકરા નીકળી ગયા! એથી શો ફરક પડે?" કેવી અદ્ભુત વાત! કેવો સરસ વિધાયક દૃષ્ટિકોણ!

સૌથી મોટી વાત તો પૂ. માને મન એ રહી કે ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ મૌન તૂટયું નહિ, ઉપવાસો તૂટયા નહિ. પૂ. ગુરુદેવે જ એમને જાળવવામાં રક્ષા કરી. એમની સહાય વગર આ બધું કેવી રીતે શક્ય બને!

અરે, નિર્મોહિતા તો પૂ. માની જ! ગમે તેવી કિંમતી ચીજ

પ્રત્યે એમનું મન સહેજ પણ આકર્ષણ ન અનુભવે. ઘડીના છઠ્ઠા ભાગમાં તે બીજી કોઈ જરૂરતમંદ કે યોગ્ય વ્યક્તિને જોઈ નથી કે પધરાવી દીધી નથી. એમને મન એમના ગુરુદેવ પ્રભુ યોગેશ્વરજી કે કૃષ્ણપ્રભુથી કોઈ ચઢિયાતું નહિ, આકર્ષણને યોગ્ય નહિ. બધાં ફીક્કાં ને અનાકર્ષક લાગે. એક પ્રભુ ને એક પ્રભુ જ ઈચ્છવા-યોગ્ય, ચાહવાયોગ્ય ને પ્રાપ્ત કરવાયોગ્ય લાગ્યા. અને એમને પ્રાપ્ત કરીને જાણે એ ધન્ય બની ગયાં. પૂ. શ્રીએ ગાયું છે કે, "બેઠો ધરાઈને શું માગું? કહે તારી પાસે તે શું માગું?

આવાં છે આ મા. અમારાં મા. આપણા સૌનાં મા. સારા જગતનાં છતાં સહુ સાધકનાં વ્યક્તિગત એકલાં મા. ખરું કે નહિ!


'સ્વામી' તો માત્ર નામ ધરવાથી થઈ જવાતું નથી. સ્વામી તો જે ઈંદ્રિયોનો સ્વામી થયો છે તે જ થઈ શકે છે. યોગેશ્વર

ઘ. : ૪૪૧૦૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૫૦૪૨૮ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨



'યોગી બનો' આત્માની આગળ જે અશુદ્ધિનું પડળ છે તેને હરરોજની સાધના કરીને કાઢી નાંખો ને સર્વ ઠેકાણે રહેલા ચૈતન્યનો અનુભવ કરો એ વિના કોઈને શાન્તિ પ્રાપ્ત થતી નથી.

યોગેશ્વરજી

સૌજન્ય :

YOGA & TOTAL HEALTH CENTRE

ડો. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

"નિરાંત"
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩
મોબાઈલ : ૯૮૨૪૦૪૩૦૩૩

E–mail :
hpathakji @ yahoo . Com

### પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો

# વિદાય સંદેશ

મા સર્વેશ્વરી

આજે થોડા જ કલાકમાં વિદાય લઈશું. તમે સૌ ખૂબ પ્રેમથી માને મળવા આવ્યા, રહ્યા, ખાસ તો મા અકસ્માત પછી જવાનાં જેથી તમને સૌને ચિંતા હોય છે, તેથી તમે સૌ આવ્યા વિના રહી ના શક્યા. અમે પણ અમારી રીતે તમને સૌને વ્યક્તિગત ૫–૭ મિનિટ આપી જ છે. અમને પણ તમને મળીને આનંદ થયો છે. હવે જઈશું તે પહેલા તમારા સૌ વતી શ્રી મધુભાઈ તથા શ્રી નીલાબેનને ધન્યવાદ. કેટલા પ્રેમથી જમાડે, રાખે?

અમે એરપોર્ટ જવા ૮–૩૦ પ્રસ્થાન કરીશું. અમારી એક ઈચ્છા છે કે તમે સૌ અમને અહીંથી વિદાય આપો. એરપોર્ટ પર અમે એકવાર અંદર ગયા પછી કામમાં જ બે કલાક વીતી જાય છે, જેથી બહાર આવીને તમને સૌને મળવાનો સમય જ રહેતો નથી. તો અમે ઈચ્છીએ કે જેને મા ઉપર સાચો પ્રેમ હોય તે માને અહીંથી જ વિદાય આપે. આ વખતે અમે નીલાબેનને પણ એરપોર્ટ નથી લઈ જવાનાં. અમે વિદાય થઈએ પછી ૧ કલાક તમે સૌ–નિલેશ ને પંડિતની મંડળી, ધૂનભજન મંત્રગાન કરશે. આવતી કાલે પણ પારાયણ કરવાનું છે. તો જેને પણ રહેવું હોય તે રહેજો. પારાયણ કરજો. ત્યાં સુધીમાં અમારી યાત્રા પણ પૂર્ણ થશે, તે સમાચાર લઈને ઘરે જજો. સૌને પૂ. શ્રીનાં ખૂબ ખૂબ આશીર્વાદ. તમારી સૌની શુભેચ્છાથી યાત્રા સફળ થાશે. પાછા પ્રભુ લાવે ત્યારે આવીને સત્સંગની મસ્તીં સ્વર્ગારોહણમાં માતાજી



જ્યોતિર્મયીને આંગણે માણીશું. હવે આપણે છેલ્લીવાર પ્રણામ કરી લઈએ. સો મૌન રહી બે ભાવની સાથે પ્રણામ કરે. ૧ લીટીનો એક પ્રણામ.

### વિદેશયાત્રાની વિદાય વેળાએ

પૂ. મા લખે છેઃ—અમે વિદેશયાત્રામાં મંત્રજપ જ કરવાનાં, છતાં ભક્તો પત્ર લખશે તો વાંચીશું. હવે વૈરાગ્ય ઘટયો છે. પ્રેમ વિના કોને પત્ર લખવાની ફુરસદ છે? માટે લખજો—લખવા હોય તો. માએ બધા જ પ્રયોગો કરી લીધા. ભક્તો વિના રહેવાના, સાધકો વિના રહેવાના. હવે પત્રવાંચન વિક્ષેપ કરશે નહિ. આખા દિવસમાં રોજની ૭૦૦ માળા સહજ રીતે થશે. ધારેલા જપ થયા કરશે, તેવી ધારણા છે. ૧૩ થી ૧૪ કલાક થાય. સતત જપ કરો, પાણી પણ પીવા ન રોકાવ. વિમાન ઉપડે એટલે ભારતના સૌ પ્રેમી ભક્તોનું સ્મરણ શરૂ થઈ જાય, પણ આ બધા ભક્તોના સ્મરણને કાપવા પ્રભુસ્મરણનો ધંધો જોરદાર રાખવાનો છે. ટિકિટ કેન્સલ થશે તો પાછાં આવીશું. અમને પણ કાંઈ વિદેશ જવાનો શોખ નથી. પણ પ્રભુની ઈચ્છા છે, યોજના છે, માટે જઈએ છીએ. એવું કાંઈ લાગતું નથી કે તમે બધાં દૂર રહી ગયાં અને અમે એકલાં પડી ગયાં. હવે જાણે ભૌતિક સીમડાના ભેદ ભૂલાઈ ગયા છે. ત્યાં જવાનો હરખ પણ નથી ને અહીંથી છોડવાનો શોક પણ નથી. જ્યાં હોઈએ ત્યાં શ્રેષ્ઠ અભિનય કરી છૂટીએ.

નારણભાઈ પૂછે છે : "ભારત માટે કોઈ પ્રાર્થના કરો છો? અઠવાડિયે કોઈકવાર ભારતનું પેપર જોઈએ. પણ રોજ અમારી પ્રાર્થના નિયમિત થાય, હે પ્રભુ આપણા દેશને ખૂબ ખૂબ સુખી કરી, શાંતિ ધરો, સૌનું મંગલ કરો, સૌનું કલ્યાણ કરો."

કદાચ જો ઠંડી સહન ન થાય અને પગ કહે તો, ચાલો જલ્દી ભારત પાછાં. હમણાં તો A.C.થી પગમાં પીડા થાય છે. શરીરને એવાં બધાં લાડ ન શોભે. પ્રભુની કેવી કૃપા છે કે કસ્ટમમાં કે છેલ્લી બે વિદેશયાત્રામાં મૌન તૂટતું નથી. એટલે મૌન અને પ્રણામ માટે પ્રભુની પણ ઇચ્છા છે. ઉપવાસથી કદી પણ ચક્કર આવ્યા નથી. કે પડયાં નથી. માટે ઉપવાસ પણ પૂ. શ્રીને મંજૂર છે. પંદર વર્ષથી દેવવિદેશમાં ફરીએ છીએ પણ કદી હાથ લાંબો કરવો પડયો નથી. ચાલ્યાં કરે. પ્રભુ સંભાળે. આ બધી વાતો અલ્લાઉદ્દીનના જાદુઇ ફાનસ જેવી લાગે, પણ સત્ય છે. પરદેશ જતાં ૧૮–૧૯ કલાક પ્લેનમાં એકધારું બેસવું પડે. પાસે બેઠેલા પેસેન્જરોના ખોરાકની ગંધ પણ આવે–જાતજાતની, પણ ૫૦૦–૭૦૦ માળાઓ થઇ જાય. થોડું ઊંઘી લઇએ, થોડું વાંચન કરીએ એમ પહોંચી જવાય.

▭

ઈશ્વરે જે કરવા ધાર્યું હશે તે જરૂર સારા માટે હશે. એમાં કદી કાળ પણ ફેર પડે તેમ નથી, એવો વિશ્વાસ એ જ શ્રદ્ધા.

— યોગેશ્વરજી

દીપક સી. મહેતા
કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત–૧



# ભક્ત જનાબાઈ

સુશીલાબેન ભક્ત

ભક્તપ્રવર શ્રી નામદેવજીનું નામ પ્રસિદ્ધ છે. જનાબાઇ તેમના ઘરે નોકરાણીનું કામ કરતી હતી. જેવો સંગ તેવો રંગ. એ પ્રમાણે શ્રી નામદેવજીના સંપર્કને કારણે તે ભક્ત બની ગઇ હતી. તે કોઇ પણ કામ કરતાં કરતાં ભગવાનના નામનું સ્મરણ તથા કીર્તન કર્યાં કરતી. તે સાધ્વી હતી. કામ પણ તેણે ભગવાનના ભક્તનું કરવાનું હતું ને? બધા જ કામમાં પ્રભુની સ્વયં સેવા થયા કરતી.

એકાદશીની રાતે શ્રી નામદેવજીના ઘરે અખંડ કીર્તન ભજન થતાં. ચંદ્ર ઊગે તે પહેલાં તો જનાબાઇ ત્યાં આવી જતાં. એક ખૂણામાં બેસી આખી રાત ભજનમાં સક્રિય રહેતાં. એમની આંખોમાંથી પ્રેમાશ્રુ જ વહ્યાં કરતી.

એક વખતની વાત છે. અગિયારસની રાતે ભજનમાંથી પરવારીને તે પોતાના ઘરે ગઇ. ઘરે જઇને ભગવાનના ધ્યાનમાં બેસતાં એને લગભગ બપોર થઇ ગઇ. તેથી માલિકના ઘરની સેવામાં વિલંબ થઇ ગયો. આથી ગભરાતી ગભરાતી શ્રી નામ-દેવજીના ઘરે પહોંચી. ખૂબ બધાં કામ પડયાં હતાં. જલ્દી જલ્દી કપડાં લઇને નદી કિનારે ગઇ. કપડાં પાણીમાં બોળ્યાં ન બોળ્યાં, ત્યાં તો શ્રી નામદેવજીનાં બીજાં આવશ્યક કામોની યાદ આવી ગઇ. એટલે એકદમ જ કપડાં ધોવાનું કામ છોડીને માલિકના ઘર તરફ ભાગી.

એક ઘરડી ડોશીએ રસ્તામાં ખૂબ પ્રેમભર્યા માતાના સ્વરમાં પૂછ્યું, 'દીકરી, તું ક્યાં જઇ રહી છે?' જનાબાઇના સાડીના છેડાને પકડીને પૂછ્યું, "અરે ઓ દીકરી! આમ રઘવાયેલી રઘવાયેલી ઉતાવળમાં ક્યાં જઇ રહી છે?"

"આજે મને ઘાણું મોડું થઇ ગયું છે. મહાત્માની સેવા બાકી છે." આમ કહેતી જનાબાઇ જલ્દીથી ડોશીમાથી પાલવ છોડાવીને ઉતાવળે ભાગી. તેને ભાગીને જતાં જોઇ, ડોશીએ અત્યંત સ્નેહભરી રીતે કહ્યું, "બેટી, તું ચિંતા ન કર. તારાં કપડાં હું ધોઇ આપું છું."

જનાબાઇ નામદેવજીના ઘરે તો ગયાં, પણ કોણ જાણે શાથી જનાનું મન ડોશીને યાદ કરી લેતું હતું. સ્નેહમયી માતાની જેમ દુર્લભ સ્નેહ તેને જીવનમાં પહેલીવાર મળતો હતો.

શ્રી નામદેવજીનું આવશ્યક કામ સમાપ્ત કરીને જનાએ નદી કિનારે આવી જોયું કે તે વૃદ્ધા માજીએ તો બધાં જ વસ્ત્રો ખૂબ ઉજળાં કરી નાંખ્યાં હતાં. એટલું જ નહીં, તે વૃદ્ધાએ તો વસ્ત્ર ધોવાવાળાના અને પહેરનારાના તન–મન પણ નિર્મળ કરી દીધાં હતાં!

"આપે મારા જેવી માટે ખૂબ કષ્ટ ઊઠાવ્યું! હું આપનો આભાર માનું છું." જનાબાઇએ વૃદ્ધાને ખૂબ વિનયપૂર્વક કહ્યું.

એમાં આભારની ક્યાં વાત આવી? બેટી! એમ કહેતી કહેતી વૃદ્ધા ત્યાંથી ચાલતી થઇ.

'ક્યારેક જરૂરત ઊભી થાય તો હું આ વૃદ્ધાની સેવા કરશી. એવા વિચારથી વૃદ્ધાનો પરિચય પ્રાપ્ત કરવા માટે જના ડોશીને



શોધવા માટે દોડી પણ વૃદ્ધાને ક્યાંય ન જોતાં તે નિરાશ થઇને પાછી ફરી.

બધી વાત જનાએ શ્રી નામદેવજીને કહી સંભળાવી. "અરે! જના, તું તો ઘણી ભાગ્યશાળી છે. તે વૃદ્ધા ડોશી તે બીજું કોઇ નહીં, પણ સ્વયં ભગવાન હતા." આમ કહી શ્રી નામદેવજી ભગવાનની પ્રશંસા કરતા બોલ્યા કે 'ભગવાન તો ભક્તવત્સલ છે.'

જના પ્રેમથી રડી રહી કે અરેરે! ભગવાને મારા જેવી માટે કેટલું કષ્ટ ઊઠાવ્યું? મારું હૃદય એમને માટે ટૂકડે ટૂકડા થઇ રહ્યું છે.

ભગવાન પ્રેમને વશ છે. તેને નિર્વ્યાજ પ્રેમ કરનારની જ ખોટ છે. બાકી આ સારી સૃષ્ટિ એણે જ સર્જી છે. એમાં એને પ્રેમ કરનારની જ ઉણપ વરતાય છે.

**અંબાજીમાં ક્યાં ઉતરશો?**
"સ્વર્ગારોહણ"
**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫૧૧૦
એસ. ટી. ડી. ૦૨૭૪૯/ ટે. નં. ૬૨૨૬૯

# દેવભૂમિ દેવપ્રયાગમાં નિદાનયજ્ઞ

સંજય પંડ્યા

દેવપ્રયાગ–હિમાલયની દેવભૂમિમાં આવેલું અલકનંદા અને ભાગીરથીના સંગમ પર વસેલું યાત્રાધામ. પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના સાધનાકાળની સાક્ષી ભૂમિ. એટલે તો શ્રી યોગેશ્વર પરિવારના સાધકો માટે એનું ખાસ મહત્ત્વ. આથી જ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ આ સ્થાનમાં પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીની સ્મૃતિ-માં–એક દિવસનો મફત રોગનિદાન કેમ્પ મફત–દવાઓ તેમ જ ચશ્મા વિતરણનો કાર્યક્રમ કરવાનું સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટને સૂચન કર્યું. તે માટેનો દિવસ ૧૮ મી માર્ચ, ૧૯૯૯ નો નક્કી કર્યો, કારણ તે દિન પૂ. મહાત્માજીનો નિર્વાણદિન.

ગુજરાતથી સેંકડો માઈલ દૂર આવેલા આ પહાડી પ્રદેશમાં આવો નિદાનયજ્ઞ કરવો મુશ્કેલ પડે. પરંતુ પૂ. માએ વિચાર્યું કે અહીં પણ ઘણા ગરીબ લોકો વસે છે. તેમને પણ શારીરિક વ્યાધિઓ હોવાની. વળી દિનપ્રતિદિન આ દાક્તરી સેવાઓ ઘણી મોંઘી થતી જાય છે. એટલે ગરીબો માટે તે લગભગ દુષ્પ્રાપ્ય બની રહે છે. તેથી આવા લોકોને મદદરૂપ થવાય તો સારું.

અહીંના માણસો સાથે કામ કરવામાં મોટી મુશ્કેલી ભાષાની. ગ્રામીણ વસ્તી ગઢવાલી ભાષા જ બોલે અને સમજે. હિન્દી પણ ભાંગ્યુંતૂટ્યું તેમને સમજાય. પરંતુ જે કાર્યમાં ભગવાનની સહાય ભળે, તેમાં મુશ્કેલીઓનું હલ પણ આપોઆપ મળી જાય છે. અહીં પણ સુજાનકાન્ડાના શ્રી મેંચદભાઈએ એ ખોટ પૂરી કરી. ખૂબ



નિષ્ઠાવાન અને સેવાભાવી વ્યક્તિ, તેમ જ પ. પૂ. મામાં ખૂબ શ્રદ્ધાભક્તિ ધરાવે. તેઓએ આસપાસનાં ગામોમાં સારો પ્રચાર કર્યો.

બીજી મુશ્કેલી અહીંના કેમ્પના આયોજનની. પૂ. મા અને પૂ. ગુરુદેવના અનન્ય ભક્ત શ્રી મુનીન્દ્રજી બડૌની અને તેમનાં ધર્મપત્ની શ્રી સાવિત્રીજીએ તેમ જ શ્રી બડૌની પરિવારના બીજા સગાંઓએ તે દૂર કરી. દાક્તરોની સેવાઓની ઉપલબ્ધિ ડૉ. વિજય ભટ્ટે સંભાળી. આ નિદાનયજ્ઞને સફળ બનાવવામાં તેઓનો ફાળો મહત્ત્વનો રહ્યો.

૧૭ મી તારીખે ગુજરાતથી યુવાનોની બે ટુકડીઓ દેવપ્રયાગ આવી પહોંચી. શ્રી મુનીન્દ્રજી તથા તેમના સેવાભાવી વેવાઈશ્રીની જોડી પણ હરિદ્વારથી આવી પહોંચી. દેવપ્રયાગના ઉત્સાહી સ્વયં-સેવકો પણ ભેગા થઈ ગયા. સંતનો સત્–સંકલ્પ એની મેળે જ એનું કામ કરે છે. સ્થળ–કાળ એના માટે ગૌણ છે. એ અનુભૂતિ માણી રહેલા પ. પૂ. માના સેવકો અનેરી મસ્તીમાં હતા. બધાએ સંગમમાં સ્નાન કર્યું. પ્રાર્થના કરી, ૧૨૫ પ્રણામ કર્યાં. કેમ્પની વ્યવસ્થાની ચર્ચાવિચારણા ચાલી અને ૧૮ મી માર્ચનું આનંદી આગમન થયું.

સવારના પહોરમાં સ્નાન, પ્રાર્થના, ૧૨૫ પ્રણામ થયા. અને યુવાનોની ટુકડી શ્રી મુનીન્દ્રજી તથા શ્રી મેચંદજીની આગેવાની નીચે નગરપંચાયત ભવન પહોંચી. પ. પૂ. મા–પ્રભુનાં સ્વરૂપોની સ્થાપના કરી. પ્રાર્થના કરી. બેઠકવ્યવસ્થા ગોઠવી. ડોક્ટર સાહેબો નિર્ધારિત સમયે આવી પહોંચ્યા. ધીમે ધીમે દર્દીઓનો પ્રવાહ આવવો શરૂ થયો. શરૂઆતમાં ઝરણારૂપે દીસતો એ ગઢવાલી પ્રવાહ

પછી ધસમસતી નદીમાં ફેરવાઇ ગયો. પૂરાનાં ચબૂતરા તરીકે ઓળખાતી નગરપંચાયત ભવનની જગ્યાની આજુબાજુ જાણે કે મેળો જામ્યો. દૂર–સુદૂરના પહાડો–ખીણો પરનાં ગામડાંઓમાંથી નાનાં–મોટાં, સ્રીપુરુષો ઊભરાવા લાગ્યાં. સુરતથી ડો. શ્રી જયેશ-ભાઇ સાથે શ્રી દીપકભાઇ મહેતા અને શ્રી મહેશભાઇ પણ આવેલા. ડોક્ટરશ્રીઓએ પોતાનું કાર્ય શરૂ કરી દીધું. પ. પૂ. માના સેવકોએ દર્દીઓનાં નામ–નોંધાવી, દર્દીઓને માર્ગદર્શન, દર્દીઓને ક્રમમાં ગોઠવવા, ત્યાં આવતા સ્થાનિક મહાનુભાવોને પ. પૂ. મા–પ્રભુ તથા કેમ્પ વિષે માહિતગાર કરવા, ચશ્માનું વિતરણ કરવું, દાક્તરો-ની સગવડતાની કાળજી રાખવી, વગેરે કામો સંભાળી લીધાં. શ્રીમુનીન્દ્રજી તથા શ્રીમેચંદજી ઉપરાંત સેવાભાવી સ્વયંસેવકો શ્રી પંડીતજી, શ્રી ભટ્ટજી, શ્રી લખપતસિંહ, શ્રી ભૂપેન્દ્ર પણ પોતાની મેળે જ વિવિધ સેવાકાર્યોમાં ગોઠવાઇ ગયા.

સારવાર અર્થે આવનાર લોકો વિવિધ પ્રકારના હતા. સ્રીઓ, બાળકો અને વૃદ્ધો હતા. "મુશ્કીલ સે તકરીબન દેઢસો સે દોસૌ લોક આયેંગે"નાં અનુમાન સામે ૧૩૦૦ થીય વધુ દર્દીઓનો સમૂહ જોઇને બધા આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા! ગુજરાતના સેવકો એવું વિચારતા હતા કે પ. પૂ. મા–પ્રભુએ કેટલા બધા લોકોની સેવા કરવાનો અવસર આપ્યો!

દૂર દૂરનાં ગામડાંઓથી આવેલા દર્દીઓ યોગ્ય નિદાન, પ્રેમ-પૂર્ણ વ્યવહાર, દવા તથા ચશ્મા વિનામૂલ્યે–પ્રસાદીરૂપે હતા. આંખ-નાં દરદીઓ જ્યારે ચશ્માના નંબર કઢાવીને ચશ્મા પહેલીવાર પહેરતાં, ત્યારે તેમના ચહેરા પરની ચમક ખરેખર સ્મરણીય લાગતી.

દર્દીઓનો ધસારો ખૂબ હતો. ડોક્ટરશ્રીઓ સવારે ૧૦–૦૦



વાગ્યે ખુરશીપર બેઠા એ બેઠા, તે છેક ૩–૩૦ વાગ્યા સુધી. ચા–પાણી નાસ્તાની સુંદર વ્યવસ્થા શ્રી મુનીન્દ્રજી તથા શ્રીમેચંદજીએ ગોઠવેલી પણ કોઇને ફુરસદ ન રહી. પ. પૂ. માના સેવકોમાં કેટલાકને નિર્જળા હતો. પરંતુ બીજા સાથીઓને જાણે સહજ-નિર્જળા થઇ ગયો!

દવાની વ્યવસ્થા માટે ભાવનગરથી આવેલા શ્રી રમેશભાઇએ દેવપ્રયાગના સ્થાનિક મેડીકલ સ્ટોરવાળા ભાઇઓના સહકારથી સુંદરકામ બજાવ્યું. અનેક દરદીઓ અને એક જ મેડીકલસ્ટોર! એમની પરિસ્થિતિની કલ્પના થઇ શકે છે. તુરત જ બીજો મેડીકલ સ્ટોર ખોલવામાં આવ્યો. જો આમ ન કરાયું હોત તો દવા વિતરણની કામગીરી રાત સુધી ચાલુ રાખવી પડત.

ચાલતાં–ચાલતાં પણ દરદીઓને સલાહ આપતા ડોક્ટરશ્રીની નિષ્ઠા પ્રભાવિત કરે તેવી હતી. આંખના ડોક્ટરશ્રી તો માત્ર એક જ કપ ચા પી શક્યા અને છેક ૪–૦૦ વાગ્યા સુધી એકધારા દરદીઓને તપાસતા રહ્યા. સામેથી નાસ્તા વગેરેનો ખૂબ આગ્રહ કરવામાં આવ્યો, તો પણ તેઓએ પોતાના સેવાકાર્યને પ્રાધાન્ય આપ્યું. બીજા ડોક્ટરશ્રીઓની કાર્યશૈલી પણ લગભગ આવી જ રહી.

ડોક્ટરોને વળાવવા માટે બસસ્ટેન્ડ સુધી જતાં એમના પ્રતિ-ભાવો પણ જાણવા મળ્યા. મુખ્યત્વે તેમનું મંતવ્ય હતું કે "ઘણા-બધા મેડીકલ કેમ્પોમાં તેઓએ હાજરી આપી છે. બધામાં આનંદ આવ્યો જ છે, પરંતુ અહીં અમને સવિશેષ સંતોષ પ્રાપ્ત થયો છે. લોકો મોટી સંખ્યામાં આવ્યા. વ્યવસ્થા જેવી જળવાવી જોઇએ તેવી જાળવી શકાઇ ન હતી, છતાં અમે કંટાળ્યા નથી. દેવપ્રયાગમાં

પ્રવેશ કરવો અને પાછું બસસ્ટેન્ડ સુધી આવવું એટલે નાનો પહાડ ચઢવા જેવું છે. અમને એની ટેવ ન હોવા છતાં અમે થાક્યા નથી. જમવાની તો ઠીક, નાસ્તાની પણ ફુરસદ ન રહી. છતાં અમને કોઇ ફરિયાદ નથી. વળી તમે યુવાનો આ વયમાં દૂર–સુદૂર છેક ગુજરાતથી માત્ર સેવા માટે આવ્યા છો. તમે કેટલી સાદાઇથી તમારા ગુરુદેવનાં સ્વરૂપો પધરાવ્યાં. કોઇ લૌકિક લાભ ઊઠાવવા પ્રચારનો કોઇ હેતુ જ નહીં, વગેરે અમને પ્રભાવિત કરી ગયું."

ડોક્ટરશ્રીઓનાં મંતવ્ય જાણીને ગુજરાતથી ગયેલા સેવકો ખુશ થયા અને અંતરથી પ. પૂ. મા–પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યા. આ કેમ્પ આવી રીતે યોજાતા બીજા કેમ્પોથી અલગ તરહનો હતો. એનું કારણ એ હતું કે તેનો હેતુ પ્રચાર તો હતો જ નહીં. ઉપરાંત માત્ર શુષ્ક સેવા પણ નહીં. પરંતુ ગુરુભક્તિની દૃષ્ટિ આ કેમ્પમાં ભળેલી હતી. પ. પૂ. યોગેશ્વરજીના આશીર્વાદ હતા. પ. પૂ. માની પાવન પ્રેરણા હતી.

પ. પૂ. માનો "જીવન સંદેશ ગુરુભક્તિ તણો" છે. અને દેવપ્રયાગની પ. પૂ. યોગેશ્વરજીની તપશ્ચર્યાની સાક્ષીભૂમિની સેવા કરવી એ જાણે ગુરુભક્તિનો એક પ્રકાર છે. ૧૮ મી માર્ચનો આ સેવા યજ્ઞ આ રીતે વિચારતાં અનેક રીતે અનોખો બની રહ્યો.

આ કેમ્પમાં કેટલાક ગરીબ પરિવારોને ધાબળાનું વિતરણ કરવામાં આવેલું. ૧૫૦ થી વધુ ચશ્મા આપવામાં આવેલાં. દેવ-પ્રયાગનાં સ્થાનિક કાર્યકર્તાઓનો સુંદર સહયોગ સાંપડેલો. લોકો સાથે ભાષાની તકલીફ છતાં પ્રેમની ભાષાથી વાતચીત કરીને તેમને જરૂરી વસ્તુ પહોંચાડવાના પ્રયત્નોમાં સેવકો ઠીક ઠીક સફળ રહ્યા.



ઘણું શીખવા મળ્યું. આંખનો જ અલગ કેમ્પ કરવો જોઇએ આવા કેમ્પ બે કે ત્રણ દિવસના રાખવા જોઇએ જેથી વધુ માત્રામાં લોકોને યોગ્ય રીતે સંતોષ આપી શકાય. એક ડોક્ટરશ્રીનું સૂચન એવું હતું કે ગરીબ દર્દીઓને ઓપરેશન બાદ ફળ ખવડા-વવાની વ્યવસ્થા થઇ શકે તો સારું. હરિદ્વારના શ્રી મુનીન્દ્રજીની મૂકસેવા અને સુંદર આયોજન, તેમનાં વેવાઇશ્રીની મૂક સેવા, તેમના જમાઇ શ્રી ડો. વિજય ભટ્ટજી(ચાઇલ્ડ સ્પેશ્યાલીસ્ટ)એ ડોક્ટરો સાથે ગોઠવેલો સંપર્ક અને તેમણે પોતે પણ ડોક્ટર તરીકે આપેલી સેવા. શ્રી સાવિત્રીદેવીએ સ્થાનિક બહેનો સાથે સતત સંપર્કમાં રહીને જાળવેલી વ્યવસ્થા. શ્રી મૈચંદભાઇનો જુસ્સો, નમ્રતા અને કુશળતા, શ્રી પંડિતજી, શ્રી ભટ્ટજી તથા નામી–અનામી કાર્યકર્તાઓ દ્વારા સામેથી પ્રાપ્ત થયેલી ભાવસભર સેવા મોરબીના શ્રી પ્રભુદાસ હળવદીયા, રાજકોટના શ્રી જે. કે., શ્રી અજય કલોલા, વિજયભાઇ કનેરીયા, ઈશ્વરભાઇ છાટબાર, સંજય, અમદાવાદનાં શ્રી ચંદ્રકાન્તભાઇ, ભાવનગરના રમેશભાઇ પરીખ ડો. શ્રી જયેશભાઇ, દીપકભાઇ, મહેશભાઇને પ્રભાવીત કરી ગઇ અને ભાવનું ભાથું આપતી ગઇ.

અને ૧૮ મી માર્ચે સાંજે શાંતાશ્રમની પાવન કુટિયાનાં દર્શન, પ્રણામ અને પ્રાર્થના કરી. સંગમને વંદન કરી, સ્થાનિક સેવા-મૂર્તિઓને નમસ્કાર કરી, શ્રી મૈચંદભાઇ તથા અન્ય ઉત્સાહી કાર્યકર્તાઓને પ્રેમથી ભેટીને છલકાતી આંખે પ. પૂ. માના સેવકોની ટુકડી અંતરમાં ઊંડા સંતોષ અને પ. પૂ. મા–પ્રભુ પ્રત્યે "ધન્ય ધન્ય ગુરુદેવપ્રભુની પ્રાર્થના સાથે અંબાજીખાતે સ્વર્ગા-રોહણ આવવા રવાના થઇ ગઇ.

# આભાર અને શાન્તિ અર્થે પ્રાર્થના

તંત્રી

મે, ૯૯ ના અંકમાં જે આઠ ફોટાઓ તા. ૧૮ માર્ચના દેવપ્રયાગના મફત રોગનિદાન યજ્ઞના મૂકવામાં આવ્યા છે, તે ફોટાઓ શ્રી ચંદ્રકાન્તભાઇ પટેલે જાતે, દેવપ્રયાગ જઇને પાડયા છે. એટલું જ નહિ પરંતુ પોતાના પરમ ભગવદીય પૂ. પિતાશ્રી પૂંજાભાઇ ખીમાભાઇ ડુંગર (પટેલ) કે જેઓ કૃષ્ણભક્ત અને કીર્તનકાર તરીકે જાણીતા હતા, તેમની પુણ્ય સ્મૃતિમાં આ ફોટાઓ છપાવીને આપ્યા છે. આ કાર્યમાં તેમના ભત્રીજા શ્રી વિજયભાઇ પટેલે (Doted–Pack & Print, Dahisar East, Mumbai–68 તેમને ખૂબ મદદ કરી છે.

શ્રી ચંદ્રકાન્તભાઇ અને શ્રી વિજયભાઇની ભાવના ખરેખર બીરદાવવાપાત્ર છે. તેમ જ જેમની પુણ્યસ્મૃતિમાં આ કામ કરવામાં આવ્યું છે. તેમને પ્રભુ સર્વપ્રકારે શાન્તિ આપે એવી પ્રાર્થના છે.

O

## પ્રથમ વારો સુરત ધ્યાનકેન્દ્રનો

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના સૂચન મુજબ સુરત ધ્યાનકેન્દ્ર, કપુરા અને માસ્માના સાધકો–ઠરાવ્યા પ્રમાણે ૨૨–૨૩ મે, ૯૯ ના રોજ અંબાજી સ્વર્ગારોહણ ખાતે–સત્સંગ ને બે દિવસની શિબિર માટે આવશે. અન્ય કોઇ ભાઇબહેનોને તેમાં જોડાવાની ઇચ્છા હોય તો તેઓ સ્વર્ગારોહણ જાણ કરીને–જોડાઇ શકે છે.

સુરત ધ્યાનકેન્દ્ર.



મફત નિદાન યજ્ઞમાં દર્દીઓને તપાસી ડૉકટરોના પ્રિસ્ક્રીપશન મુજબ દવાઓના વિતરણની વ્યવસ્થા ભાવનગરના શ્રી રમેશભાઈ પટીલ સંભાળી રહ્યા છે.



દેવપ્રયાગના સમૂહ નિષ્શુલ્ક નિદાન યજ્ઞનું આયોજન સંભાળનાર શ્રી મુનીન્દ્રજી તેમજ શ્રી મહેચંદ ભાઈ સાથે ગુજરાતના પુ. માના ભકતો શ્રી જે. કે. શ્રી વિજય કનેરિયા અને શ્રી અજય કલોલા.



આંખ નાક અને ગળાના સર્જન ડૉ. શિશિર કુમાર દર્દીને સમજાવી રહ્યા છે.



સુરત (માસ્મા) ના ડૉ. જયેશ પટેલ મોઢામાં ચાંદા પડેલ દર્દીને તપાસતા જણાય છે.



નિદાન યજ્ઞમાં આંખના ડોકટર શ્રી રવી થાપલીયાલ દર્દીને તપાસી રહયા છે.
આ સમુહ નિદાન યજ્ઞમાં આંખના દર્દીઓ સૌથી વિશેષ હતા.



ચાઈલ્ડ સ્પેશ્યાલિસ્ટ ડૉ. વિજય ભટ્ટ એક નાના બાળકને તપાસી રહ્યા છે.




તા. ૧૮ મી માર્ચ ૧૯૯૯ ના રોજ પ. પૂ મહાત્માશ્રી યોગેશ્વરજીની તપોભુમિ
દેવપ્રયાગમાં યોજાયેલ મફત નિદાન સેવા યજ્ઞનું દૃશ્ય. દર્દીઓની લાંબી કતાર જણાય છે.



આ નિદાન યજ્ઞમાં ધસારો વધી જતાં દર્દીઓને બેસાડી દેવામાં આવે છે — તેનું દૃશ્ય.

## एषः मार्गः

## આ છે માર્ગ, પરિવર્તનનો...

* કાયદો અને વ્યવસ્થા.
* વહીવટી સુધારણા.
* ઔદ્યોગિક વિકાસ.
* ઈન્ફ્રાસ્ટ્રક્ચર.
* ઈન્ફર્મેશન ટેક્નોલોજી.
* નર્મદા યોજના.
* કૃષિ વિકાસ.
* ગોકુલ ગ્રામ યોજના.
* નબળા વર્ગોનો ઉત્કર્ષ: સામાજિક વિકાસ.
* જાહેર આરોગ્ય.
* ગરીબી સામે આક્રમણ.
* સમાજ શક્તિનો સહયોગ.

**આવો રચીએ, આપણા સ્વપ્નનું ગુજરાત, સંસ્કારી અને સમૃદ્ધ ગુજરાત**

માહિતી–વપન–ગ–૯૯ માહિતીખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર–૧૦

# ખૂલ્યો ખજાનો પરમાત્માનો–૬

ડો. બી. જે. જાગાણી

પરમાત્માની લીલા અપરંપાર છે, સ્થૂળ જગત અને સૂક્ષ્મ જગતનાં રહસ્યો માનવ પામવા મથામણ કરે છે. સ્થૂળ જગતનાં રહસ્યો સ્થૂળ આંખે ને સ્થૂળ શરીરે જોઈ શકાય છે, પણ સૂક્ષ્મ જગતનાં રહસ્યો સ્થૂળ શરીરે જોઈ શકાતાં નથી. એ માટે સૂક્ષ્મ જગતના અનુભવીઓ દ્વારા રજૂ કરવામાં આવેલી હકીકતો જ્યારે જાણવામાં આવે છે ત્યારે ખ્યાલ આવે છે કે પરમાત્માનો ખજાનો ઘણો રહસ્યમય અને વૈવિધ્યપૂર્ણ છે. સને 1931 ના એપ્રિલથી જુલાઈ માસ દરમ્યાન સ્વર્ગસ્થ શ્રીમતી દુર્ગા મથરાણીએ પોતાના પતિના માધ્યમદ્વારા જે સંદેશાઓ લખેલ તેમાંથી ચૂંટી કાઢીને સૂક્ષ્મ જગતની હકીકતો અહીં રજૂ કરીએ છીએ.

### ચોથા સ્વર્ગમાં

**અંધારા પ્રદેશોમાં વસતા દુઃખી આત્માઓના ઉદ્ધારની વ્યવસ્થા :** ત્રીજા સ્વર્ગની જેમ, આ સ્વર્ગના દેવદૂતો પણ હલકા અને દુઃખી આત્માની સહાય ને ઉદ્ધાર માટે દયાની પ્રવૃત્તિઓ પ્રયોજે છે. જ્યારે અધમ આત્માઓ પોતાના ઉદ્ધાર માટે ઉત્કટતાપૂર્વક પ્રાર્થના કરી પોકારો પાડે છે, ત્યારે કોઈક પ્રકારના સાધનની સહાયથી દેવદૂતો તે પ્રાર્થના સાંભળે છે. કેટલાક દેવદૂતો એટલા પાવરધા થઈ ગયા હોય છે કે નીચે અંધકારમય પ્રદેશોમાં જેવો કોઈ દુઃખી આત્મા પોકારો પાડે કે જાણે તેઓના પોતાના શરીરમાં કંઈક ધ્યાન આપવા જેવું બની રહ્યું છે, તે રીતે તેમનું ધ્યાન ખેંચાય છે. આ દેવદૂત નીચેના સ્વર્ગોમાંથી બીજા દેવદૂતોને સાથે



લઈ, દયા માટેની ખાસ સફર (Mercy Mission) યોજે છે. આ મિશનનો વડો આધ્યાત્મિક રીતે એટલો શક્તિશાલી હોવો જરૂરી છે કે જે કોઈ પણ અધમ આત્માને તેના જાત ભાઈઓ તેમ જ સર્વશક્તિમાન પ્રભુના પ્રેમમાં માનતા કરાવી શકે.

જેવી આ સફર યોજાય કે તુરત જ આ જવાબદારી સંભાળતો દેવદૂત ત્રીજા સ્વર્ગના ટાવરમાંથી વહેતા પ્રકાશનાં કિરણો ઉપર સવારી કરી, મદદની આવશ્યકતાવાળા સ્થળે પહોંચી જાય છે. આ પ્રકારનાં કિરણવડે દુઃખી જીવને તારવી કાઢે છે ને તેને સમજાવવા કોશિશ કરે છે કે તેને અનુસરવામાં તે જીવનો ઉદ્ધાર રહેલો છે. જ્યારે ત્યાં સબડતા બીજા અધમ જીવો તેને જવાદેવા ઈચ્છતા નથી, એવો ખ્યાલ દેવદૂતોને આવે છે. ત્યારે, તેના નિશ્ચયને મજબૂત કરવા પોતાની આધ્યાત્મિક શક્તિનો ઉપયોગ કરવો પડે છે. કારણ કે અધમ આત્માઓ પોતાની ખરાબ વાસનાઓ ને સુખો માટે તેને પોતાના પંજામાંથી છોડવા તૈયાર હોતા નથી.

આ દેવદૂત તેને બહાર કાઢીને, દયાની સફરમાં તેની સાથે આવેલા બીજા દેવદૂતોને સોંપી દે છે. તેઓ આ દુઃખી આત્માને એ ઠસાવવા પ્રયત્ન કરે છે કે તેઓની સાથે ઉપલા વિસ્તારમાં આવવાથી તેનું કંઈ પણ ખરાબ થવાનું નથી, બલ્કે તેનાથી લાભ જ થશે.

નરકમાં સબડતા જીવો, માંદા હોવા છતાં દવા લેવાની ના પાડતા દર્દીની જેવા છે. દવામાં અશ્રદ્ધા ધરાવતા માંદા માણસની જેમ, આ દુઃખી જીવો પણ, દેવદૂતોની તેમના ઉદ્ધારની સલાહ, સહેલાઈથી સ્વીકારતા નથી. પોતાને અનુસરવા, દેવદૂતોએ તેમને વારંવાર સમજાવવા પડે છે. દેવદૂતો જ્યારે તેમને સમજાવવા શક્તિમાન બને છે, ત્યારે તેમને પહેલા સ્વર્ગમાં લઈ જાય છે.

અહીં તેઓ હરીફરી શકે તેટલી શક્તિ મેળવી લે ત્યાંસુધી તેમની સંભાળ રાખવામાં આવે છે. જ્યારે તેઓ પુરતા શક્તિશાળી થઈ જાય છે, ત્યારે તેમને એક પૂલ પર લઈ જવામાં આવે છે. આ પૂલ એક બાજુ આ સ્વર્ગને અને બીજે છેડે નરકને જોડે છે. અહીં તેઓને ગમે તે તરફ જવા માટે પસંદગી કરવાની છૂટ આપવામાં આવે છે. તેઓની હાલત અવઢવ ભરેલી હોય છે. એક બાજુ તીવ્ર પ્રકાશ દર્દ કરે છે, તો બીજી બાજુ (નરકનો) ગાઢ અંધકાર તેમને હવે ભયંકર લાગે છે. અહીં જ ફરજ પરનો દેવદૂત પ્રકાશને પસંદ કરી અનુસરવા, તેના ફાયદા સમજાવે છે. પ્રારંભમાં પ્રકાશને સહન કરવાનું કષ્ટમય લાગે છે, છતાં પણ લાંબાગાળે તે તેના લાભમાં છે. કેટલીક વાર ફરજ પરના દેવદૂત તીવ્ર પ્રકાશને લીધે થતા દુઃખને સહન કરી શકે તે માટે પોતાના પ્રકાશનો અંશ આપે છે.

**જીવંત ઉદાહરણ :** શ્રીમતી માથરાણી એક જીવંત કિસ્સો ટાંકીને જણાવે છે કે 'હમણાં જ નરકમાંથી એક દુઃખી આત્માને ઉગારવાનો પ્રસંગ મારે ઊભો થયેલ. હું જ્યારે મારા રોજીંદા ધ્યાનમાં પ્રવૃત્ત હતી ત્યારે મને લાગ્યું કે કોઈ સ્થળેથી મદદ માટેનો પોકાર મને સંભળાયો. તુરત જ મને જણાયું કે નરકના અંધકાર તેમ જ ત્યાં વધુ વખત રહેવાથી થતાં દુઃખોના અનુભવથી કંટાળી ગયેલ એક આત્મા, સહાય માટે આતુર છે. હું જ્યારે પૃથ્વી પર જીવંત હતી ત્યારે તે મારો સગો થતો હતો અને તેનાં દુઃખોમાંથી તેને હું છોડાવું તે માટે મદદ માંગી રહ્યો હતો. તેને મુક્ત કરવા માટે મેં અગાઉ વર્ણવેલ પદ્ધતિ જ મારે અપનાવવી પડેલી. બીજા સ્વર્ગના ત્રણેય દેવદૂતો સાથે મેં પ્રવાસ યોજી તેને મુક્ત કરવા પ્રયાણ કર્યું. ત્રીજા સ્વર્ગમાંનો ટાવર એટલો બધો ઝળહળી રહ્યો હતો કે મદદ માટે પોકાર પાડતા તેને



હું જોઈ શકી. કિરણો ઉપર પ્રવાસ કરી, હું તુરત જ ત્યાં પહોંચી ગઈ. મેં તેને પકડીને મારી પાછળ આવવા કહ્યું. પછી બીજા હલકા આત્માઓ જે તેને છોડવા તૈયાર ન હતા–તેમની અને તે આત્માની વચ્ચે લડાઈ શરૂ થઈ.

**લડાઈ અને પરિણામ :** હલકા પ્રકારના ગંદા આનંદોમાં રાચતા જે હંમેશાં તેના સાથીઓ હતા તે બધા આત્માઓ તેની પાસે દોડી આવ્યા, ત્યાં રહી જવા તેને સમજાવવા લાગ્યા. પરંતુ તે સ્થાનનો ત્યાગ કરવા તેણે નિશ્ચય કરેલ હોવાથી, તેમની વાત તેણે કાને ન ધરી; કારણ કે તે મારી સાથે આવવા ઈચ્છતો હતો. તેણે લડીને તેનો માર્ગ કરી લેવાનો હતો. મારા પ્રકાશના તેજથી તેઓને આંજી દઈને મેં તેને મદદ કરી. અમે તે વચલા વિસ્તારમાં (An Intermediate Region) આરામના સ્થળે લઈ આવ્યા. અહીં તેને સાત દિવસ રાખવામાં આવ્યો ને મારી સફરના દેવદૂતોએ ખૂબ પ્રેમપૂર્વક તેની કાળજી રાખી. ત્યારે તેને સમજાયું કે તેના ઉદ્ધાર માટે અમે કેટલા બધા ઈંતેજાર છીએ! પછી અમે તેને અમારા શરીરમાંનો પ્રકાશનો થોડો અંશ આપ્યો કે જેથી તે પહેલા સ્વર્ગમાંના પ્રભુનાં અચરજો જોઈ શકે, ને આ જ સ્વર્ગમાં રહેવાની ઈચ્છા કરી શકે. પરંતુ તે માટે પહેલાં નરકના તેનાં વસવાટ અને તેના પરિણામે ભોગવવાં પડતાં દુઃખો માટે જવાબદાર એવી અધમ ઈચ્છાઓ ને વલણો તેણે ત્યજવાં પડે.

**ફરી ફરી મદદ અને સુધાર :** નરકના અંધકારમય પ્રદેશમાંથી ઉદ્ધારવામાં આવતા બધા આત્માઓ માટે દેવદૂતોએ ઉપર મુજબની ક્રિયાઓ જ કરવી પડે છે. પહેલા સ્વર્ગના આત્મિક ઉન્નતિ પ્રેરક વાતાવરણને જો તેઓ અનુકૂળ ન થઈ શકે અથવા પ્રાર્થના કરવા ને ઉન્નતિ ઈચ્છવાના દેવદૂતોના સૂચનોને અવગણે

તો તેવા આત્માને ફરી પાછા વચગાળાના વિસ્તારમાં લઈ જવામાં આવે છે. પછી દેવદૂતોએ આપેલો પ્રકાશનો અંશ પાછો ખેંચી લઈ તેમને ત્યાં મૂકી દેવામાં આવે છે. જેથી ત્યાં રહી ઉન્નતિ માટે પ્રાર્થના કરવી અગર નરકમાં પાછા ફરવું તે નક્કી કરી લે.

**દેવદૂતોની ઇચ્છા :** આવા અજ્ઞાની આત્માઓને તેમના દુઃખોમાંથી મુક્ત કરવાનું કામ આ સ્વર્ગમાંના બધા જ દેવદૂતોને ગમે છે, કારણ કે આવા પ્રકારની નિઃસ્પૃહી સેવા દેવદૂતોના ઉત્કર્ષ અને વિકાસ માટે મદદરૂપ બને છે. શુદ્ધ અને નિઃસ્વાર્થી પ્રેમ, એ જ દેવદૂતોનો મુખ્ય આધાર છે, કારણ કે આ પ્રેમ જ ઈશ્વર પ્રત્યેના પ્રેમનું પ્રગટીકરણ કરે છે અને તે પ્રેમને ટકાવી રાખે છે.

**પૃથ્વી પર માણસોને મદદ :** પૃથ્વી પરના માણસોને મદદ કરવાની ઇચ્છા ધરાવતા દેવદૂતો આ સ્વર્ગમાં હોય છે. બે રાષ્ટ્રો વચ્ચેની લડાઈ વખતે, વધારે ખાનાખરાબીમાંથી બચાવવા, તેઓ જરૂર પડયે સુલેહ સ્થાપવાના ખાસ હેતુથી સફર યોજે છે. કેટલાક લોકોને સીધાં પ્રેમના તરંગો મોકલીને તેઓ ભૌતિક સહાય પહોંચાડે છે કે જેથી કરીને તેઓ તેમની ખરાબ વાસનાઓ પર કાબૂ મેળવી શકે કે તેમનો ત્યાગ કરી શકે. આવી સહાય અંગે પૃથ્વીપરના માણસોને ખબર સુદ્ધાં પડતી નથી. કેટલાંક દેવદૂતો પૃથ્વી પરના તેમના જીવનની વૈજ્ઞાનિક, યાંત્રિક અને કલાત્મક પ્રવૃત્તિઓમાં રસ લેવાનું ચાલુ રાખે છે. પોતાના રસના ક્ષેત્રોમાં આવા દેવદૂતો સંશોધન ચાલુ રાખે છે. અને સંશોધનને અંતે મળેલું નવું જ્ઞાન પૃથ્વી પરના સમાનક્ષેત્રે કામ કરતા માનવોને ગૂઢ રીતે પહોંચાડે છે. આ કામ વિજ્ઞાન અને કલાઓમાં રસ ધરાવતા નીચલા સ્વર્ગોના દેવદૂતો મારફત કરવામાં આવે છે.

(ક્રમશઃ)



# ચૈત્રી નવરાત્રિ જપયજ્ઞ

તંત્રી

પૂ. માની અકસ્માતની પરિસ્થિતિમાં સહુ સાધકોએ સારો એવો સંયમ જાળવ્યો. એથી પૂ. મા પ્રસન્ન થયાં અને જાણે કે એ પ્રસન્નતાનું સારું સાટું પૂ. માએ અંબાજીમાં–સાધકોને મુક્તમને દર્શન આપીને–ધરાઈ ધરાઈને આંખોથી પી લીધાં કરો. એટલો સમય સહુને આપીને તૃપ્ત કરી દીધાં. પગની પીડા છતાં ઘણીખરી નવરાત્રિના કાર્યક્રમોની બેઠકોમાં પૂ. મા ઉપસ્થિત રહેતાં. સહુની વચ્ચે વસવા છતાં પોતાના સાધનાત્મક કાર્યક્રમો ને નિયમોને જાળવીને–વ્યક્તિગત રીતે પણ–સહુને સંતોષ આપી, આસોની નવરાત્રિમાં પૂ. માની અનુપસ્થિતિનાં દુઃખનું સાટું જાણે કે તેમણે વાળી દીધું.

નવરાત્રિ એટલે શક્તિ ઉપાસનાનું પર્વ અને તે પણ શક્તિ-પીઠ અંબાજીમાં. આમ પર્વ, સ્થાન અને પ્રત્યક્ષ પ્રકટ શક્તિસ્વરૂપા માનો ત્રિવેણી સંગમ. તેમાં સ્નાન કરી સાધકો ધન્ય બન્યા.

૧૮ મી માર્ચે ચૈત્રી નવરાત્રિનો આરંભ થયો. તો તે દિવસે પૂ. શ્રીની પુણ્યતિથિ એટલે અમદાવાદમાં તે કાર્યક્રમમાં ભાગ લઈ, જાણે કે સમગ્ર સાધકગણ પૂ. માને તા. ૧૯/૩ ના રોજ અંબાજીમાં સત્કારવા અગાઉથી જ હાજર થઈ ગયો. દેવપ્રયાગના નિદાન યજ્ઞમાં સેવા આપવા ગયેલ ગુજરાતના સાધકો પણ સીધા જ અંબાજી આવી ગયા–પૂ. માને સત્કારવા.

નવરાત્રિનો જપયજ્ઞ એટલે પૂરા બાર કલાકનો સત્સંગ.

વહેલી સવારે ૫–૦૦ વાગે પક્ષીના પ્રથમ કલરવની સાથે જ શરૂ થાય–વિવિધ લઢણોમાં–પ્રભાતિયાના રાગમાં ગવાતી ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની બાવની અને નામસંકીર્તનની ધૂન. કપૂરાની અને બીજી બહેનોનો તેમાં ખાસ ફાળો રહેતો બરાબર ૬ ના ટકોરે શરૂ થાય ધ્યાનની પહેલી બેઠક. ઘણાં બધાં ભાઈબહેનોને સમયસર પરવારવાનું અઘરું પડતું, પરંતુ કેટલાક સાધક ભાઈબહેનો પરોઢ-ના ત્રણ વાગ્યાની આસપાસ ઊઠી પરવારી લેતાં.

ધ્યાનની સમાપ્તિ પછી શરૂ થાય પૂ. માની હાજરીમાં લગભગ ૧૭૫ પ્રણામ. કોણ જાણે કદી પણ ઘરે નહિ કરનારા કેટલાક સાધક ભાઈબહેનો આ કાર્યક્રમમાં જોડાઈ જતા અને પૂ. મા સાથે ત્રણ બેઠકોમાં બધા મળી રોજના ૫૦૦ જેટલા પ્રણામ કરતા. પૂ. માની આ લીલા જરાય ન સમજાય તેવી. નિર્જળાવ્રતના દિવસો-માં પણ તેઓના પ્રણામ એકધારા ચાલુ રહ્યા. જો કે પૂ. માએ પહેલેથી જ પ્રણામ કરવા ફરજિયાત નથી, તેવી જાહેરાત કરી દીધેલી. છતાં પૂ. માનું સાન્નિધ્ય જ એવું કે નવા સાધકોને પણ તે કરવાનો ઉત્સાહ થઈ આવે અને કેટલાકને બીલકુલ પગ ના દુઃખે તેનું આશ્ચર્ય પણ અનુભવાયું.

પ્રણામ પછી સ્તુતિઓનો સમૂહપાઠ અને તે પછી દરેકને ગરમ દૂધ મળતું. અહીં ચા–કોફીના વ્યસનીઓ પણ આ દૂધથી ચલાવી લેતા. છતાં કદી કોઈ ફરિયાદ ન કરતું.

દરરોજ પુરુષોત્તમ યોગ ઉપરનાં પૂ. શ્રી યોગેશ્વરજીનાં પ્રવચનો સાધકોને ખૂબ ઉપયોગી સામગ્રી ને સમજ પૂરી પાડ-નારા બની રહ્યાં. સૌ ઉત્સાહભેર તે સાંભળતા.

ચંડીપાઠના ચાર, પાંચ અને અગિયારમા અધ્યાયોનો સમૂહ-



પાઠ પણ થતો, તો સાધકોનાં પ્રવચનોમાં મુખ્યત્વે શ્રી કલ્યાણ પૂ. માના મહિમાની વાતો રોચક શૈલીમાં કહેતા. પૂ. મા બીજા સાધકો આ કાર્યક્રમમાં રોજ હાજરી આપતાં. સાધકો પોતપોતાના પ્રતિ-ભાવો રજૂ કરી શકતા. છેલ્લા દિવસે તો પૂ. માએ સહુને પોતાનો પ્રતિભાવ રજૂ કરવા જાહેર નિમંત્રણ પણ આપી દીધેલું.

બપોરના ભોજનમાં ફરાળી વસ્તુઓ મળતી. દ્રાક્ષ, ખજૂર, સીંગ અને ફરાળી ચેવડો. રોજ સાંજે ખીચડી, કઢી ને શાકનું સાદુ ભોજન મળતું. ભોજન સત્સંગ હોલને જોડાયેલ નવા રસોડામાં જ તૈયાર થતું. આ બધી જ કામગીરી પાલનપુરવાળા પૂ. મા–પ્રભુના ભક્ત શ્રી રેવાશંકરભાઈ પુરોહિતે સંભાળી હતી. છેલ્લા દિવસે તેઓએ સહુને મિષ્ટાન્ન ભોજન જમાડી પરિતૃપ્ત કરી દીધા. તેમને બીજાં ઘણાં ભાઈબહેનો મદદ કરતાં.

બપોર પછીના ધૂન, ભજનો ને ધ્યાનના પ્રોગ્રામો પછી શ્રી સંજય પંડયાનો વારો આવતો. તેઓ ભાતભાતના–નવીનતા-ભર્યા–રમૂજી ને હળવા કાર્યક્રમોવડે–સહુનાં મન ખૂબ હળવાં કરી. શારીરિક થાક ઉતારી દેતા. શ્રી દક્ષેશ કોન્ટ્રેક્ટર, ડો. હિમાંશુ પાઠક, શ્રી નિલેશ ટેલર વગેરે પણ તેમાં સાથ પૂરાવતા.

વડોદરાની શ્રી પંડિતજી અને નિલેશભાઈની મંડળી તેમ જ શ્રી સુશીલાબેન, શ્રી દમયંતીબેન અને બીજી બહેનો ભજનો અને ધૂનો ખૂબ સરસ રીતે ગાતાં. તેનાથી વાતાવરણ સરસ બની જતું.

શ્રી હરીશભાઈ કોન્ટ્રેક્ટર અને ડો. હિમાંશુ પાઠકે આસનો અને પ્રાણાયામ વિષે ઘણી સારી સમજ આપી. હળવી કસરતો બતાવી.

ભોજન બાદ રાત્રે ગરબાઓનો પણ કાર્યક્રમ થતો. તેમાં

ઘણા સાધક ભાઈબહેનો ઉત્સાહથી ભાગ લેતાં.

પૂ. માની આ વખતે વિશેષતા એ રહી કે તેઓએ પોતાના હવે પછીના કાર્યક્રમની જાહેરાત કરી દીધી. સામાન્ય રીતે અગાઉ પૂ. મા આવી જાહેરાત કદી ન કરતાં. વળી બધા જ કાર્યક્રમોમાં શક્ય તેટલી હાજરી આપવા ઉપરાંત પૂ. મા સાધકોને વ્યક્તિગત મળતાં અને પ્રભુના પંથે જવા પ્રોત્સાહિત કરતાં.

નવરાત્રિનો આ જપયજ્ઞ એટલે સંસાર ભૂલીને પ્રભુમય વાતાવરણમાં સતત આનંદપૂર્વક રહેવાનું પર્વ. અને એમાં પૂ. માની ઉપસ્થિતિ હોય પછી આનંદની માત્રા એકદમ વધી જાય એમાં પૂછવાનું જ શું? કેટલાય સાધકો મૂંગેમોંયે પડદા પાછળ રહી સેવા આપતા—તેમાં ડૉ. શ્રી નિર્વિકલ્પ, શ્રી પ્રભુભાઈ હળ-વદિયા, શ્રી ઈશ્વરભાઈ છાટબાર, શ્રી કંચનભાઈ, શ્રી રમેશભાઈ તેમ જ શ્રી વિનુભાઈ અમીન તેમ જ કેટલીક બહેનો પણ તેમાં મદદરૂપ થતી. શ્રી અજય કલોલાએ સમગ્ર કાર્યક્રમની સંચાલન સારી રીતે કર્યું.

પૂ. મા આ વખતે ખૂબ પ્રસન્ન લાગતાં. શ્રી શાન્તિભાઈ કનેરિયાએ પૂ. માનો આવાસ સરસ બનાવી દીધો છે. તેમ જ સત્સંગ હૉલ અને સ્વતંત્ર રસોડાની વ્યવસ્થા ખૂબ ઉપયોગી પૂરવાર થયાં. આવી સરસ સુવિધા કરી આપવા બદલ શ્રી શાન્તિભાઈ કનેરિયાને પૂ. માએ જાહેરમાં બીરદાવ્યા.

અહીં પ. પૂ. મા અને બીજા સાધકોની સહાયથી—ભોજન ખૂબ રાહતના દરે આપવામાં આવ્યું. કેનેડાનાં શ્રી રૂક્ષ્મણિબેન પ્રજાપતિના હાથે—MAA Divine Youth Linkનું કિંમતી સુંદર પુસ્તક શિબિરાર્થીઓને વહેંચવામાં આવ્યું. આમાં વિદેશના



બાળકોએ પૂ. મા સાથે કરેલ યાત્રાના લેખો અને પૂ. મા પ્રત્યેના ભાવો સુંદર રીતે અભિવ્યક્તિ પામ્યા છે.

ગુજરાતભરમાંથી અને બીજેથી સાધકો આ વર્ષે પૂ. માના દર્શને આવતા જ રહેતા. જેવી જેની અનુકૂળતા, તે પ્રમાણે રોકાતા ને પૂ. માના દર્શનનો લાભ લઈ વિદાય થતા. ઘણા સમય પછી પૂ. માનાં આવાં મુક્ત દર્શન પામીને ખૂબ સંતોષ અનુભવતાં.

એક દિવસ પૂ. માએ યુવાન સાધકોને પાસેના ડુંગર ઉપર ચઢી આવવા સવારથી જ મોકલ્યા. પૂ. માને સાહસ, પુરુષાર્થને હિમ્મતવાળી વ્યક્તિઓ ખૂબ ગમે અને તેઓ તે માટે બાળકોને પ્રોત્સાહિત કરતાં રહે.

નાનાં બાળકોને પૂ. મા એટલા માટે ગમે કે તેમના ઉપર તેઓ ચોકલેટનો કદીક વરસાદ વરસાવી દે. પૂ. મા પાસેથી ભાગ્યે જ કોઈ બાળક ખાલી હાથે પાછું ફરે. પૂ. માનો સ્નેહ અને કંઈક ભેટ તેને અવશ્ય મળે જ. પૂ. માની આ વિશેષતા. આમ પૂ. મા નાનાં બાળકોને નિઃસ્વાર્થ સ્નેહની પાશથી બાંધી દે.

વળી સત્કર્મ કરવાની પ્રેરણા પૂ. મા સાધકોને આપતાં જ રહે અને તે માટે પોતાનાથી પહેલ કરી, તે કેમ કરાય તે બતાવે. પૂ. માને ભલે મૌન હોય, પણ તેમની ઉપસ્થિતિ જ આસપાસના સમગ્ર વાતાવરણને દિવ્યતા, આનંદ અને પ્રેમના આંદોલનોથી ભરી દે. તેનો સૂક્ષ્મ સંસ્પર્શ પામી સાધકો નવી ચેતના પામી ધન્યતા અનુભવે.

# દશરથાચલનું દર્શન

હિમાંશુ પાઠક

"દશરથાચલ જવું છે?"

કોઈપણ પ્રકારની પૂર્વભૂમિકા બાંધ્યા વગર પૂજ્ય મા તરફથી પૂછાયેલા પ્રશ્નથી આશ્ચર્ય થયું, અને આનંદ પણ થયો. જાણે ઊંઘમાંથી ઊઠેલા માણસને લાખ રૂપિયાની લોટરી લાગ્યાના સમાચાર મળ્યા!

જેમણે પ્રભુ યોગેશ્વરને ચાહ્યા છે તેમણે દશરથાચલ પર્વતને ચાહ્યો જ છે. દિલના એક ખૂણામાં, જે ભૂમિ પર પોતાના પ્રાણપ્રિય ગુરુદેવને સૌ પ્રથમ વાર સમાધિ અવસ્થાનો અને ભગવાન શંકર અને ભગવાન રામનાં દર્શન થયાં, એ પવિત્ર ભૂમિને જોવાનું આકર્ષણ સહજ રહે છે. મને એ તક મળવાની એ વિચારમાત્રથી આનંદ થયો.

જાન્યુઆરિ મહિનો. ઉત્તર ભારત અને એમાંયે ગઢવાલ પ્રદેશનો હિમાલય! અમે દશરથાચલ જવાના એ વાત પ્રસરી રહી અને અમને ગભરાવવામાં આવ્યા. ૮૦૦૦ ફૂટની ઊંચાઇ, પાતળી પગદંડી, સખત પવન–શું થશે? અમે જે છ ભાઇઓ હતા તેમાં સૌથી વધારે નાજુક હું છું એવો જેમને પણ ખ્યાલ હતો તેમણે તો કહ્યું પણ ખરું કે બીજા બધા તો જીવતા પાછા આવશે પણ બિચારા હિમાંશુનું શું થશે? પણ સાચું પૂછો તો દિલમાં ઉમંગ જ એટલો હતો કે જે થવાનું હોય તે ભલે થાય–બસ, જવું જ છે. એ વિચારને વારંવાર ઘૂંટવા માંડયો.

અને આવી અનિશ્ચિતતા વચ્ચે ૧૫ જાન્યુ. '૯૯ ના રોજ



બધા ભેગા થયા, અને ૧૬ મીએ રાત્રે ૭–૦૦ વાગ્યે પૂજ્ય મા પાસેથી વિદાય લીધી. જીવનમાં પ્રથમ વાર પૂ. માએ મને ચાંદલો કર્યો. રસ્તામાં ખાવા માટે રૂપિયા આપ્યા અને માથા પર ટપલી મારી (જાણે સ્ટેમ્પ મારી આપ્યો, હિમાંશુ, તું જીવતો પાછો આવશે એની આ પહોંચરૂપ ટપલી છે. કહો કે રજીસ્ટર પોસ્ટ એ. ડી.ની Acknowledge Receipt) રાત્રે નવ વાગ્યે રાજધાની એક્સપ્રેસમાં ગોઠવાયા. રાજધાની એક્સપ્રેસમાં મુસાફરી એટલે સામાન્ય માણસ માટે હવાઇ મુસાફરી.

મારી સાથે રહેલા યાત્રીઓ પૈકી બે ભાઇઓ મુંબઇથી જ આવવાના હતા–પૂ. મા એ ખાસ કાળજી રાખીને એ ભાઇઓ માટે પ્લાસ્ટીકની નાની કોથળીમાં કંકુ અને રૂપિયા આપ્યા. (મને બરાબર યાદ છે કે યાત્રાએથી પાછા આવ્યા ત્યારે મને ખાલી પૂછ્યું કે ટ્રેનમાં ચાંદલો કર્યો હતો?)

મારી સાથે રહેલા યાત્રીઓનો ટૂંકો પરિચય આપી દઉં તો અસ્થાને ન ગણાશે.

* મુંબઇના પૂજ્ય માના યજમાન અને પૂજ્ય માનાં સેક્રેટરી શ્રી નીલાબેનના પતિ શ્રી મધુભાઇ ભટ્ટ. હા, મધુસૂદન હરગોવિંદ-ભાઇ ભટ્ટ. શાંત લાગતા મધુભાઇ બોલે ઠાવકું અને મધુર. એમના હાસ્યમાં મુંબઇની મધુરતા સ્પષ્ટ દેખાય. ઓછી ઊંચાઇ ધરાવતા મધુભાઇનું હૃદય મોટું અને ઊંચું.

* શ્રી સંજય મોહનલાલ ભક્ત, વર્ષોથી અમેરિકામાં સ્થાયી થયેલો ૩૮ વર્ષનો અસ્સલ ભારતીય યુવાન. ચહેરો કડક, આંખ કોઇ લશ્કરી જવાન જેવી ચમકવાળી, રેલ્વે હિન્દી મઝાકમાં સારું બોલીને હસાવી શકનાર, જાડુ–પાડુ શરીર પણ જલ્દી ન થાકે એવું.

* રાજકોટનો અજય કલોલા, અલમસ્ત કાઠિયાવાડી કાયા, યાત્રામાં હાથમાં રાખેલ દંડાથી જો કોઇને ફટકો મારે તો તેના

ફટાકડા ફૂટી જાય એવી શક્તિથી સંપન્ન શરીર, ચમકતી આંખો, સાંભળવાની ગમે એવી મીઠી જબાન, કાઠિયાવાડના દરબાર જેવી મૂછ, હસે ત્યારે જાણે કોલગેટની જાહેરાતમાં જોઈએ એવા સફેદ દાંતની અકબંધ હારમાળા જ જોઈ લો, અને જો અજય રસ્તામાં ન બોલે એટલે સ્મશાનવત્ શાંતિ લાગે. જબરૂ ખાવા-વાળો (પૂર્વજન્મમાં શું હશે એવો પ્રશ્ન પણ થાય એટલું ખાવાનો શોખ, પાચનશક્તિ પણ સારી) ધારે તો હોટેલવાળાને જમતી વખતે રડાવે અને માફી પણ મંગાવે કે ભાઈ, ખમ્મા કરો.

* શ્રી પ્રભુભાઈ હળવદિયા, મોરબીના આ યુવાન ઈજનેરે પોતાનું નામ દીપાવ્યું લાગે, સેવાભાવી, ધીરૂ અને ઓછું બોલ-નાર, જમણા હાથે કામ કરે તો કદાચ ડાબા હાથને પણ ખબર ના પડે, એવી રીતે સૌ કોઈને મદદ કરનારા, એમની ઊંચાઈ પણ સારી અને ૐ મા નો ઘોષ પાડે ત્યારે પણ અવાજમાં એ ઊંચાઈ દેખાય, મજબૂત શરીરવાળા આ ઈજનેર વગર કદાચ યાત્રા અધૂરી રહી હોત.

* શ્રી સન્મુખભાઈ ભક્ત, હાજી, હાજી કરનારા નમ્ર સેવક, ઉંમરમાં સૌથી મોટા પણ કોઈ પણ પ્રકારનો વિરોધ ન કરનારા, અસલ ખેડૂતનો મિજાજ ધરાવનારા.

બાકી રહ્યો હિમાંશુ–હિમાંશુ પાઠક, લાંબો, પાતળો, ટાલિયો, દૂબળો ને થોડીક નાજુક નમણી નાર જેવી નબળી કમરવાળો ડોક્ટર. ઘડીકમાં આનંદમાં અને ઘડીકમાં ગંભીર થઈ જવાના સ્વભાવવાળો, ઉપદેશાત્મક ભાષામાં વધારે વાત કરવાની અને અંગત સવાલો પૂછવાની કુટેવવાળો (રોજ યોગ સેન્ટરમાં આવતા દર્દીઓ સાથે Personal Counselling કરવાનો ધંધો કરે એટલે રસ્તામાં પણ ધંધો શોધવાનો પ્રયત્ન કરવાવાળો, ભૌતિક અગવડમાં અકળાઈ જનારો અસ્સલ સુરતી જીવ).



ટ્રેન સૂરત સ્ટેશને સમયસર આવી પહોંચી. અમને વળાવા આવનાર દીપક ચીમનલાલ મહેતાએ વિદાયની ક્ષણને કેમેરામાં કંડારી લીધી.

સૌ કોઈ ટ્રેનમાં ગોઠવાયા. મુંબઈથી આવેલા મધુભાઈ અને સંજયને શોધવા નીકળ્યા. એ લોકો અમને શોધવા નીકળ્યા. ક્રિકેટની પીચ પર ઘણી પીચની મધ્યમાં બંને બેસ્ટમેન અથડાય એ રીતે અમે બરાબર વચ્ચેના ડબ્બામાં ભેગા થયા–ભેટયા–ચાંદલા કર્યા ને રૂપિયા આપ્યા–ભારતીય રેલ્વેનું ખાવાનું એટલે જેલમાં કેદીઓને અપાતું ખાવાનું. તદ્દન ભંગાર. પણ ભૂખે ભૂંડું ભાવે એટલે થોડું થોડું ખાધું.

૧૭ જાન્યુઆરિની સવારે તો ભારતની રાજધાનીમાં આવી પહોંચ્યા. ભારતની રાજધાનીને ન શોભે એવી અંગ્રેજોના વખત-ની છાંટવાળું નિઝામુદ્દીન સ્ટેશને અજય કલોલાએ કડકડતી ઠંડી-માં વધારો કરે એવી વાત સાથે અમને ચમકાવ્યા કે આ ઠંડીની ઋતુમાં દેવપ્રયાગથી દશરથાચલ જવા માટે ખચ્ચર મળશે નહિ. સામાન જાતે ઊંચકવો પડશે. ઓછે પૈસે બાદશાહી જીવન જીવ-નારો હિમાંશુ પ્રથમવાર હજુ સામાન જાતે ઊઠાવવાનો પ્રયત્ન કરે ત્યાં તો અજયનાં કહેવાથી પગ ધ્રૂજવા લાગ્યા–ભાઈ, તારે આઘાત જ આપવો હોય તો દેવપ્રયાગમાં આપજે, દિલ્હીમાં તો છોડ.

નિઝામુદ્દીન સ્ટેશનની બહાર અવ્યવસ્થાનો કોઈ પાર નથી. ટેક્ષી ડ્રાઈવર, રીક્ષા ડ્રાઈવર ઉતારુઓને લૂંટવાની જ વાત કરે છે. જાણે બિહારનાં કે ઉત્તરપ્રદેશનાં કોઈ ગામડાનાં સ્ટેશનની બહાર ઊભા હોઈએ એવું લાગે. અમે પણ જમાનાના ખાધેલ સાબિત થયા. ટેક્ષી ડ્રાઈવરે માંગેલી રકમ ન આપી તે ન જ આપી. છેવટે તે ઝૂક્યો અને અમે બસ સ્ટેન્ડ પર પહોંચ્યા.

નવી દિલ્હીનું બસ સ્ટેન્ડ જોતા જ પ્રેમમાં પડી જવાય એટલું મોટું, પ્રમાણમાં ચોખ્ખું અને માણસોની ભીડથી ભરેલું. રીઝર્વેશનની માથાકૂટ, પણ માથાફોડ ન લાગે. સરસ રીતે હરદ્વાર તરફ જતી લક્ઝરી બસમાં ગોઠવાયા, અને સુરતી જીવ એટલે નાસ્તાથી શરૂઆત કરી ત્યારે ઘડિયાળમાં ૧–૩૦ થયા હતા.

બંને બાજુએ ઉદ્યોગો અને કારખાના નજરે પડે છે. ત્યાર બાદ હરિયાળી જ હરિયાળી. પાકિસ્તાનના રાષ્ટ્રધ્વજ કરતાં પણ વધારે લીલુછમ ભારત દેખાય.

રાત્રે ૮–૩૦ વાગે હરદ્વાર આવી પહોંચ્યા. હું તો છેલ્લે ક્યારે આવ્યો હતો તે પણ ભૂલી ગયો છું. કદાચ ૧૯૮૫ માં આવ્યો હતો. આજે એ વાતને ૧૪ વર્ષ થઇ ગયાં. હરદ્વારની ભૂમિ પર કોઇ ભારતીય ૧૪ વર્ષ સુધી ન આવી શકે એને કોઇ કૈકેયીએ આપેલો શાપ હશે. કમનસીબ ભાગ્ય કહી શકાય.

હરદ્વાર જતા બસમાં જ સંજયભાઇને અમેરિકામાં હજામ ડોલરમાં વાળ કાપે અને તેને આપવામાં આવતી ટીપનો સરવાળો દેખાયો. લગભગ ૩૦ ડોલર થાય. ૩૦ × ૪૫ = ૧૩૫૦/– રૂપિયા થાય. એટલે એમણે નક્કી કર્યું કે ફૂટપાથ પર પણ જો કોઇ હજામ હોય તોપણ ચાલશે પણ વાળ તો કપાવવા જ છે.

મને જરા જુદો વિચાર આવ્યો. ભારતનાં લોકો તીરૂપતિના દેવસ્થાનમાં વાળ કપાવે. કઇ ભાવનાથી તે તો ખબર નથી. મને થયું ઘણા વર્ષો પછી ગંગા કિનારે આવ્યા છીએ અને છેલ્લા ઘણા વર્ષો માનસિક મથામણ અને નિરાશામાં પસાર કર્યા પછી મનમાં પણ ઘણી ગંદકી છે. તો આ બધી જ નબળાઇઓ ગંગા માતાના ચરણે સમર્પિત કરી દઇએ, એની પ્રતીકરૂપે માનવના સૌન્દર્યનો અવિભાજ્ય અંગ સમાન વાળ ઉતરાવી દઇએ. અને મેં આ



વિચાર અમલમાં મૂક્યો. વાળ કાપનાર વાળંદ તો આશ્ચર્યમાં મૂકાયો અને પ્રેમથી મસાજ પણ કર્યું. તો આ અમેરિકાવાશી સંજયભાઈએ ખુશ થઈને ૫ રૂપિયાની જગ્યાએ ૫૦ રૂપિયા અપાવ્યા.

અને ત્યાંથી ચાલ્યા આગળ. વાતાવરણમાં ઠંડી હતી, પણ કલ્પના કરી હતી એનાથી ઘણી ઓછી. પાંચ–દશ મિનિટમાં તો, પૂ. મા ભગવતીના ચરણોથી અનેકવાર પાવન થયેલ આર્યનિવાસમાં પહોંચી ગયા. સેવાભાવી મેનેજરે બધી જ સગવડ કરી આપી. સ્નાન કરીને ગુજરાતી થાળી જમ્યા, ત્યારે ઘરની પ્રથમવાર યાદ આવી. સંતોષ થઇ ગયો અને બીજા દિવસનો કાર્યક્રમ બનાવી ચાલ્યા આગળ.

મારો ફરવાનો શોખ ગાંડપણની કક્ષાનો, એટલે દેવપ્રયાગની જતી જીપમાં આગળ બેસીને હિમાલયના સૌન્દર્યનું પાન કરવા માંડયો. મગજનું સમતોલપણું જાળવી ન શકાય એટલી હદે આનંદ થવા લાગ્યો. દારૂ પીનાર માણસને દારૂની નવી બ્રાન્ડ પીવા મળે અને જે આનંદ થાય એનાથી વિશેષ આનંદ આ પર્વતોની રાણીને જોવાથી થયો. જો અહીં આટલું સૌન્દર્ય છે તો અમારા પ્રભુનું પ્રિય સ્થાન દશરથની વાત જ કેવી હશે?

રમતા રમતા તો દેવપ્રયાગ આવી પહોંચ્યા. પ્રભુપ્રેમી મેચંદભાઇની દુકાને જાણે ઈશ્વરે જ સ્વાગત કર્યું. બધો જ કાર્યક્રમ નક્કી થઇ ગયો. જો કે મેચંદભાઇના પત્નીનું કહેવું હતું કે આ સીઝનમાં દશરથની ટોચ પર જનારને અમે ગાંડા જ નહિ, મૂર્ખ ગણીએ અને આવો અભિપ્રાય અમને ઘણાએ આપ્યો. (કદાચ અમારી પરીક્ષા થઇ રહી હતી કે શું એવો વિચાર હમણાં આવે છે.)

ભાગીરથી અને અલકનંદના સંગમસ્થાને સ્નાન કર્યું. ભયંકર ઠંડુ પાણી. ભરબપોરે સૂર્યપ્રકાશની ગેરહાજરીમાં બરફના પાણીના

હોજમાં ભૂલમાં પડી ગયા હોઈએ એવું લાગે. પણ સાંકળ પકડીને ડૂબકી મારવાની મઝા આવી. જાણે ચસકો લાગ્યો અને એટલે જ ટુવાલથી સૂકવી નાંખેલ શરીરને પાછું પાણીમાં ઝબોળ્યું ને પરિવારના બધા સભ્યોને યાદ કરીને અગિયાર વાર માથાબોળ ડુબકી મારી ટાલિયા માથા પર સંજયભાઈએ અભિષેક પણ કર્યો, અને અજયે ફોટા પાડયા. અજયને ફોટા પાડવાનો શોખ અને મને ફોટા પડાવવાનો શોખ એટલે જોડી જામી ગઈ!

ત્યાંથી સીધા પહોંચ્યા શાંતાશ્રમ. શાંતાશ્રમ એટલે યોગેશ્વર પરિવાર માટે યુનિવર્સીટી. શાંતાશ્રમનાં દર્શનથી જ હું તો ગંભીર થઈ ગયો. માનસપટ પર પ્રભુ યોગેશ્વર છવાઈ ગયા. છેલ્લાં ઘણાં વર્ષોથી લોકો મને પોતાના કહેવાતા ગુરુ અને તેની લીલાના ભોગ બન્યા, તેની વાતો Counsellingમાં કરે છે. પ્રભુ યોગેશ્વર અમને ગુરુરૂપે મળ્યા તેનો મને શાંતાશ્રમમાં ગર્વ થયો. પ્રભુનો ભૂતકાળ આંખ આગળ ઝડપથી પસાર થયો. અથાક પ્રયત્ન, અગણિત અગવડો, વૃદ્ધ માતાજી, અનંત ધીરજ સાથે પસાર કરેલાં વર્ષો અમને પ્રેરણા આપતાં હતાં.

હું સુરત શહેરમાં ૧૯૯૨ થી યોગ સેન્ટર ચલાવું છું. આજે ઘણી સારી પ્રતિષ્ઠા છે. લોકો વાહ વાહ કરે એની ઈચ્છા મનના એક ખૂણામાં રહે છે. લોકો પ્રશંસા કરે છે, એ શબ્દો આનંદ આપે છે, પ્રભુ યોગેશ્વરજી સ્વયં પૂર્ણ હતા છતાં પ્રસિદ્ધિની ખેવના કર્યા વગર, પોતે ઉત્તમ કક્ષાના સાહિત્યકાર (ગુજરાતી સાહિત્યના દરેકે દરેક ક્ષેત્રમાં કલમ સફળતાથી ચલાવી શકનાર એકમાત્ર સાહિત્યકાર) હોવા છતાં, કોઈ સરકારી કે બિનસરકારી પારિતોષિકો મેળવવાના પ્રયત્નો કર્યા વગર વર્ષો સુધી અતૂટ, અનંત અને અનરાધાર પ્રયત્નો મને યાદ આવ્યા. કદાચ બીજો કાચોપોચો માણસ અર્જુનની જેમ ગાંડીવ મૂકી દે પણ યોગેશ્વર જેનું નામ.



શાંતાશ્રમ જેવા વીસમી સદીના ઐતિહાસિક સ્થળની કાળજી બરાબર લેવાતી નથી. અંદરની દિવાલ પણ કાળી અને ગંદી દેખાય છે. અંદર કોણ રહે છે એ ખબર નથી. પણ તાળુ હોવાથી એ પવિત્ર પરમાણુને થોડાક પ્રમાણમાં શ્વાસમાં પણ ન ભરી શક્યાના દુઃખ સાથે શાંતાશ્રમથી વિદાય લીધી.

બરાબર બપોરે ૧–૧૦ કલાકે લક્ષ્યસ્થળ તરફ હાથમાં લાકડી અને નિવૃત્ત લશ્કરી વૃદ્ધ જુવાન જવાન દિલીપસિંહ સાથે યા હોમ કરીને ડગલા માંડયાં અજયે તો પગમાં ચંપલ પણ નહોતા પહેર્યાં.

હજુ તો માંડ પંદરેક મિનિટ થઈ હશે ત્યાં તો શરીર પરસેવે રેબઝેબ થઈ ગયું. સ્વેટર, જેકેટ, માથાટોપી, હાથનાં મોજાં બધું કાઢીને દિલીપસિંહને આપી દેવું પડચું, અને એક ઝાડની છાયામાં પુષ્કળ પાણી પીધું. પૂ. માએ ખાસ કહ્યું હતું પહેલી પંદર મિનિટમાં જ ખબર પડશે કે યાત્રા કેટલી કઠિન છે.

હવે ચાલવામાં ફાવટ આવી ગઈ, દિલીપસિંહે શીખવ્યું કે કેવી રીતે ઉપર ચઢવું. મારો જીવનમાં આ પ્રથમ પ્રયોગ હતો. કમરમાં ચોક્કસ દુઃખાવો ઉપડશે એવી શંકાથી ડગ માંડયાં હતાં, કારણ જે દિવસે દશરથાચલ જવાનું નક્કી થયું તે જ દિવસથી રોજ રાત્રે એક કલાક ઝડપથી ચાલવાની ટેવ પાડી હતી. પણ હું ખરેખર થાકી જતો. પણ એ વાત સાચી કે મનમાં ઉત્સાહ અને ઉમંગ માતો ન હતો. પ્રભુભાઈ વાતાવરણને હળવું અને જીવંત રાખવાના આશય સાથે મોટેથી ૐ મા ની બૂમ મારતા. મારાથી છેક છેલ્લે સુધી એવી બૂમ ન પડી.

થોડીવારમાં સ્કૂલમાંથી છૂટીને ઘરે જતા નાના નાના, ચંપલ વગરના, યુનિફોર્મ વગરના ગંદા કપડાંવાળા, નાકમાંથી શરદીનાં

શેડા નીકળતા, બે-પાંચ ચોપડી સાથે ફાટેલી થેલી સાથે ઘરે જતા, આંખમાં થોડા આશ્ચર્ય અને શંકા સાથે અમને શરમાતા શરમાતા, અંદર અંદર ગઢવાલી ભાષામાં વાત કરતા છોકરા-છોકરીઓ મળ્યા. એમના ખભા પર હાથ મૂકીને એમની સાથે તૂટીફૂટી રેલ્વે હિન્દીમાં વાત કરતાં કરતાં ઉપર ચઢવાનું ચાલુ રાખ્યું. હું ટાલિયો એટલે બધા મને ટગર ટગર જોતા અંદર અંદર કંઇ વાત કરતા.

આજે અમારે લગભગ ૪૦૦૦ ફૂટની ઊંચાઇએ સુજાનકાંડા નામના ગામમાં પહોંચવાનું હતું. કોઇ વ્યવસ્થિત પગથિયા દેખાતાં નથી. ભરબપોર હતી છતાં ગુલાબી ઠંડી લાગતી હતી. એકાદ કલાક ચાલ્યા એટલે સૌંદર્યની દેવીનાં દર્શન થવા માંડયાં. ચારે બાજુ પહાડ દેખાય, વાતાવરણ પણ શાંત, ઠંડો ઠંડો પવન પણ આપણને ગમે. જાણે કચ્છના રણમાં મળેલું રણદ્વીપ.

અને નીચે તો જુઓ!

નાની નાની પાતળી પગદંડી જેવા રસ્તાઓ, રમકડાં જેવી લાકતી બસ અને ટ્રકની હારમાળા, પેલી અલકનંદા અને ભાગી-રથી અને ગંગા નદી એટલે જાણે ઝરણું, દેવપ્રયાગનાં મકાનો નાના છોકરાઓએ બનાવેલાં રમકડાનાં મકાનો જેવાં જ લાગે. વચ્ચે વચ્ચે ઊભા રહીને પ્રભુભાઇએ આપેલા પાર્લેના ગોળાના ટીકડા ખાતા ખાતા આ દૃશ્ય જોવાનું અચૂક ગમે.

પહાડી વિસ્તારમાં સાંજ જલ્દી પડતી લાગે છે. પાંચ-સાડા પાંચ થયા હશે ત્યાં તો રાત્રિનું આગમન થયું. થોડો થાક, થોડી અકળામણ અને ખાસ તો ભૂખ લાગી હતી. સુજાનકાંડા ક્યારે આવે, સુજાનકાંડા ક્યારે આવે એવી માનસિક દશામાં બે-પાંચ વાર સાથે હરણાની જેમ દોડતા છોકરાઓને પૂછ્યું પણ ખરું કે



સુજાનકાંડા કેટલું દૂર? જે છોકરાઓ રોજ દિવસમાં બે વાર ફક્ત ૧૫ મિનિટમાં તળેટીમાં પહોંચી શકે એ ગતિથી દોડનારા એટલે તરત જ કહે કે **अभी तो बहुत पासमेंही है।** એમની **पास** એટલે ખાસ્સી દૂર.

પણ છેવટે ૬-૦૦ અને ૬-૩૦ ની આજુબાજુમાં ગામમાં પ્રવેશ કર્યો. સુજાનકાંડા એટલે આપણા મનમાં રહેલી પહાડી ગામની કલ્પના જેવું જ ગામ. છૂટાં છૂટાં ઘર, નાના ઘરની બારીમાંથી એમની ગરીબાઇ ડોકિયા કરે, એક-બે ગાય બાંધેલી દેખાય, ગાયના ગળામાં ઘંટડી બાંધી રાખે જે ૨૪ કલાક વાગ્યા કરે (કારણ કદાચ એ હશે કે ગાય ભાગી ન જાય અથવા ગાયની ઘંટડીમાંથી વાગતો એકસરખો બેસૂરો અવાજ એમને જાગતા રાખતો હશે.) ઘરની નજીક ખેતી પણ દેખાય. સ્ત્રીઓ પણ જુદી દેખાય, શરમાળ, આપણે એમની સામે જોઇએ તો નજર ફેરવી લે, સશક્ત લાગે, અપૂરતા કપડાં, ફાટેલી સ્લીપર, સફેદ ચોખ્ખા દાંત, પ્લાસ્ટીકનાં ઘરેણાં, ચાંદીના ઘરેણાનું ચલણ વધારે લાગે.

રસ્તામાં આવેલા ગામમાં 'ચા' પીવાનું આમંત્રણ પણ અમને મળ્યું. અજાણ્યા પ્રદેશમાં અજાણી વ્યક્તિને કોઇ પણ પ્રકારની ઓળખાણ વગર 'ચા' તો કદાચ ભારતમાં મળી શકે. એનો અર્થ એ થયો કે સાચો ભારતદેશ ગામડામાં હજુ જીવે છે. એટલે કહી શકાય કે **मेरा भारत महान.**

રસ્તામાં જ મેચંદભાઇ મળ્યા હતા. એમની ૧૨x૧૦ની રૂમમાં રહેવાની સગવડ થઇ ગઇ હતી. સુજાનકાંડા આવ્યા પણ રૂમની ચાવી હજુ હાથમાં આવી નહોતી. ત્યાં તો દશરથના દૂત આવીને મળ્યા. હજુ આઠ-દશ મહિનાથી જ સુજાનકાંડાની

શાળામાં હેડમાસ્તર તરીકે બદલી થઈને આવ્યા છે. વ્યવસાયે શિક્ષક—અસ્સલ ભારતીય ગામડાના શિક્ષક—એટલે અમારા સુજાનકાંડાના યજમાન શ્રી ઉપાધ્યાય સાહેબ. અત્યંત પ્રેમાળ, નમ્ર, નિર્દોષ, શુદ્ધ હિન્દી બોલનાર, જિજ્ઞાસાવૃત્તિ ભારોભાર, અસાધારણ સેવાભાવથી સંપન્ન. હજુ અમે એમના ઘરે પહોંચ્યા એટલે પથારી ઠીક કરી દીધી, ટકિયા ગોઠવી દીધા, ઠંડી પણ હવે જબરી લાગતી હતી, પવન પુષ્કળ હતો, તાપણું પણ તૈયાર કરી દીધું મને થાક લાગ્યો હતો એટલે મેં ખાટલામાં લંબાવ્યું, તો આ બ્રાહ્મણશ્રેષ્ઠ મને બે—ત્રણ ધાબળા ઓઢાડી ગયા. અને નમ્રતાથી કહેવા લાગ્યા, કે અમે બ્રાહ્મણ છીએ જો તમને વાંધો નહિ તોય તો અમારા ઘરની રસોઈ સ્વીકારો. અમારા માટે તો ભાવતું હતું અને વૈદ્યે કહ્યું. (અમે કહેવા જ વિચારતા હતા કે અમારા માટે રસોઈ કરી દો એવી વિનંતી કરવા જઈએ તે પહેલાં જ એ દંપતીએ ફટાફટ બધું ગોઠવી દીધું). ગરમ ગરમ પુરી અને શાક અને દાળ—ભાત ખાધાં. ૪૦૦૦ ફૂટની ઊંચાઈએ દૂધની કલ્પના પણ ન કરી શકાય, પણ અમારા દિલીપસિંહને ત્યાં ગાય હતી. તો તે બેશેર એટલે કે લગભગ એક લીટર દૂધ લઈ આવ્યા. જે શક્તિએ પ્રભુ યોગેશ્વરજી માટે ગામ વસાવ્યું હશે, એ જ શક્તિએ અમને જમાડયા અને જમાડીને દૂધ પણ પીવરાવ્યું !

રાત્રિના ૯—૦૦ થયા હશે ત્યાં તો જાણે બરફનો વરસાદ પડયા પછી જેવી ઠંડી લાગે એવી ઠંડી શરૂ થઈ. પવનના સુસવાટાએ એક નિર્ણય લેવડાવ્યો કે બીજે દિવસે ઉપર દશરથાચલ પર્વત પર રાત્રિ રોકાણ ન કરવું. જો ૪૦૦૦ ફૂટની ઊંચાઈએ આટલી ઠંડી અને આટલો પુષ્કળ પવન હોય તો છેક ૮૦૦૦ ફૂટની ઊંચાઈએ તો કલ્પના જ કરવી રહી. આટલી નાની રૂમમાં અમે સાંકડે—માંકડે સૂઈ ગયા. ફરીથી શ્રી ઉપાધ્યાય રૂમમાં



આવ્યા અને લશ્કરી જવાનોને જે કામમા ધાબળા આપે તે ધાબળા લાવીને અમારી ઠંડી ઓછી કરી.

૧૯ જાન્યુ.ની સવાર સુજાનકાંડામાં યાદગાર બની ગઈ. ચારે બાજુ પહાડો અને દૂર દૂર નાનાં નાનાં ઘર દેખાય. દૂરબીનથી બરફાચ્છાદિત પર્વતો જોવાની મઝા પડી. બરફના પહાડ પર પડતો સૂર્યપ્રકાશ કેવો મઝાનો ચમકે તે તો જીવનમાં પ્રથમવાર જ જોયું.

ફરીથી ગરમ ગરમ દાળ—ભાત જમીને રાત્રે પાછા સુજાનકાંડા આવી જવું એવા વિચાર સાથે ગંતવ્યસ્થાન તરફ પ્રયાણ કર્યું. પૂરતી ઊંઘ અને દિલીપસિંહે કરેલી ગરમ પાણીની વ્યવસ્થાએ (સ્નાન માટે) અમારો થાક શૂન્ય કરી દીધો હતો.

સવારે ૧૦—૦૦ ની આજુબાજુમાં અમે યાત્રાની શરૂઆત હાથમાં લાકડી અને મુખમાં પ્રાર્થના સાથે કરી. થોડુંક જ ઉપર ચઢ્યા ત્યાં સરૂનાં ઝાડ દેખાયાં. લાંબા—પાતળાં—ઊંચા વૃક્ષ અને એનું ફળ દૂરથી પાઈનેપલ જેવું જ લાગે. ગજબની કોતરણીવાળું એ ફળ Antique Piece લાગે.

૫૦૦૦—૫૫૦૦ ફૂટની ઊંચાઈએ કોઈ પક્ષી પણ ન દેખાય—ન તો કોઈ પશુ અરે ! મનુષ્યો પણ નહિ. હા, થોડીક પહાડી સ્ત્રીઓ જંગલનાં હરણાઓની જેમ ખૂબ ઝડપથી અમારા કરતા આગળ નીકળી ગઈ. પૂછ્યું તો અમારી સાથે યાત્રામાં જોડાયેલા હેડમાસ્તર કહે કે આ સ્ત્રીઓ રોજ સવારે દશરથપર્વત ઉપર ઘાસ કાપવા જાય છે. અને સાંજ સુધીમાં પાછી ફરે છે.

હવે અમે બધા બોલતા બંધ થઈ ગયા. અમારી જમણી બાજુએ ઊંડી ઊંડી ખાઈ દેખાવા માંડી. જો તમે ચાલતા ચાલતા એ ખાઈ તરફ નજર નાંખો તો કદાચ ચક્કર ખાઈને પડી પણ

જાઓ. એક એક ડગલું સાચવીને માંડવું પડે, નજર તમારી ગીધની જેમ તીક્ષ્ણ રાખવી જ રહી. હાથમાં રહેલી લાકડી અમારો ત્રીજો પગ હતો. બેલેન્સ જાળવવામાં ખૂબ મદદરૂપ થાય છે. દશરથની તળેટીથી લગભગ એક કલાકના અંતરે ફરીથી ફોટો-ગ્રાફી... 

ફક્ત ૧૦ ઈંચ પહોળી પગદંડી અને જમણી બાજુએ ૪૦૦૦–૫૦૦૦ ફૂટ ઊંડી ખાઈ ડાબી બાજુએ પહાડનો ભાગ– અથવા કહો કે પહાડની દિવાલ. ભલભલા માનવને મૃત્યુની યાદ અપાવનારો માર્ગ લાગે. પડયા તો ગયા જ સમજો. નજર ચૂક્યા વગર સૌ સાચવી સાચવીને મનમાં મૃત્યુંજયનો જપ કરતા કરતા ચાલે છે. હૃદયના ધબકારા ગણો તો ચોક્કસ વધી ગયા હશે એવું જરૂરથી અનુમાન થઈ શકે. પ્રભુકૃપાથી એ પગદંડીની જમીન રાત્રિના ઝાકળને કારણે ભીની હોવી જોઈતી હતી, પણ સદ્-નસીબે ભીની નહોતી. હું તો વચ્ચે વચ્ચે ઊભો રહીને જમણી બાજુએ પથરાયેલા બરફના પહાડોની હારમાળા જ દૂરબીનથી જોયા કરતો હતો. હિંમત એકઠી કરીને નીચે ખાઈમાં નજર પણ નાંખતો, ત્યારે હૃદય એક ધબકારો ચૂકી જતું. મૃત્યુની બીકનો સ્પષ્ટ અનુભવ થયો અને આવી સ્થિતિમાં પ્રભુએ કરેલી રક્ષાનો અનુભવ પણ આ જ પગદંડી પર થઈ ગયો! એટલું સારું હતું કે આ પગદંડી સામેથી કોઈ ચાલીને આવતું ન હતું. બાકી અકસ્માતની શક્યતા જરૂર વધી ગઈ હોત. વાતાવરણ એકદમ શુદ્ધ, હવામાં ઓક્સિજન જ ઓક્સિજન અનુભવાય. ક્યાંય પોલ્યુ-શનનો 'P' ન દેખાય.



અમે દશરથાચલ તળેટીમાં રહેવાના જ નથી કારણ ગઈકાલે રાત્રિનો સુજાનકાંડાનો અનુભવ હજુ તાજો છે. પરંતુ જ્યારે દશરથ તળેટીમાં પહોંચ્યા ત્યારે જ બપોરનાં ૩–૩૦ થઈ ચૂક્યા હતા. હવે પાછા સુજાનકાંડા પાછા ફરી શકાય એવી કોઈ શક્યતા જ ન હતી. એમ દિલીપસિંહે સિંહગર્જના કરી. અને આ સાંભળતાની સાથે જ હેડમાસ્તર સાહેબ હારી ગયા. હજુ દશરથ ટોચ પર પહોંચવાનું બાકી છે અને એમણે જાહેર કર્યું કે હું સુજાનકાંડા પાછો ફરું છું.

તળેટીમાં રહેવું જ પડશે એ નક્કી થતાં જ રાત્રે સૂઈ જવાની તૈયારીરૂપે ઢોરને બાંધવાના સ્થળમાં જઈ આવ્યા. પૂજ્ય મા માટે આ સ્થાન બાથરૂમ હતો. અને અજયે કહ્યું પણ ખરું કે પૂ. માએ આ ખરબચડી જમીનવાળી ભોંયને જ્યાં તમે સીધા પણ ઊભા રહી ન શકો એવા સ્થાનને કોઈ ફાઈવસ્ટાર હોટેલના બાથ-રૂમ સાથે સરખાવ્યો. અને રાત્રે રહ્યાં પણ ખરાં. પૂ. માના જીવન-નું આ પાસું મેં ખૂબ નજીકથી જોયું ત્યારથી મારા પર એની ખૂબ અસર થઈ છે. જીવનની હરેક પરિસ્થિતિને હકાત્મક દૃષ્ટિકોણથી જોવી. એ સ્થિતપ્રજ્ઞતાનું જ લક્ષણ છે.

ત્યાં તો નાસિકમાં કામ કરતો છોકરો મળી ગયો જેણે બીજી એક રૂમની ચાવી લાવી આપવાની તૈયારી બતાવી. સાથે સાથે ધાબળા લાવવાની જવાબદારી સ્વીકારી અને નિભાવી એ પ્રભુની મોટી કૃપા. બાકી આટલી ઊંચાઈએ ધાબળા વગર રાત્રિ પસાર કરવાનું ખૂબ કઠિન સાબિત થયું હોત.

એ છોકરો આટલી ઊંચાઈએ આ જ દિવસે કેમ ફરવા આવ્યો હશે? એમ વિચારીએ તો કહેવાનું મન થાય કે ફક્ત અમારા માટે જ ઈશ્વર પ્રેરિત ઘટના ઘટી. અમને આનંદ થયો,

તેમ જ આ રીતની ઈશ્વરની કૃપાને ઓળખી શક્યા ને આભારની લાગણી પ્રગટ કરી.

દશરથાચલની તળેટીમાં એક ઝરણું છે એવો ઉલ્લેખ 'પ્રકાશના પંથે'માં આવે છે. લગભગ ૧૫ મિનિટ ચાલીને દશરથની ટોચ–તરફ જવાના રસ્તાની જમણી બાજુએ થોડા ખીણ તરફ ઉતરીને એ ઝરણા પાસે પહોંચ્યા. કોઈ યોગીની માફક મસ્તીથી એક એક ટીપુ ટપક્યા કરે. ડોલ ભરવા મૂકો તો કદાચ બે–ચાર કલાક પણ નીકળી જાય. એ ઝરણા પાસે બેસીને શાંતિથી પેટપૂજા કરી. આ સ્થાન થોડું અંધારીયું અને ભેજવાળું લાગે. આ સ્થાનની ઉપરના ભાગમાં ગામની સ્ત્રીઓ પહાડી ગીતો ગાતાં ગાતાં ઘાસને કાપીને ભારા બાંધે ને માથે મૂકીને ગામ તરફ ઊતરે. એ પહાડી ગીતો સમજાય નહિ, પણ દિલમાં ઝીલાય ખરાં. અમને મઝા પડી ગઈ.

વાતાવરણની જરા નોંધ લઈ લઈએ.

વાતાવરણમાં થોડી ભયમિશ્રિત ઠંડક લાગતી હતી. અમે ટોળામાં હતા એટલે નિશ્ચિંતતા અનુભવાતી હતી. હા, વાતાવરણ એકદમ શાંત હતું ગમે એવું.

અને કોઈ નાટક જોતા હોઈએ અને Climaxની રાહ જોતા હોઈએ તેમ જે પવિત્ર સ્થળની ભૂમિમાં થોડા આધ્યાત્મિક પરમાણુને શ્વાસમાં ભરવા માટે છેક ગુજરાતથી અહીં ગઢવાલ સુધી આવ્યા હતા એ ભૂમિપર પગ માંડયા ત્યારે સાંજના ૫–૩૦ થયા હતા. નાનકડી ખુલ્લી જગ્યા માંડ ૨૦x૨૦ ફૂટનો જમીનનો પ્લોટ હશે. થોડા પથ્થર પર પથ્થર ગોઠવીને દશરથદેવની સ્થાપના થઈ હતી.



પથ્થરને દેવ માનીને પોતાના તનાવને ઓછો કરવાની આગવી પદ્ધતિ ફક્ત ભારતીય વિચારધારામાં જોવા મળે છે. કદાચ આ દશરથના દેવને માનવાની વાત વિજ્ઞાનીઓને હાસ્યાસ્પદ પણ લાગે.

અમને તો આ પથ્થર કરતાં આ ભૂમિનાં દર્શન કરવામાં વધારે રસ હતો. ધરાઈને દર્શન કર્યાં, પ્રાર્થના કરીને થોડું ધ્યાન ધર્યું સાથે ફોટા તો પડે જ. મને ઘણીવાર એવું આશ્ચર્ય થતું કે આપણા દેશની લગભગ બધી જ દેવીઓનાં સ્થાન ડુંગરા પર કેમ હશે? તદ્દન અજાણ્યા ડુંગરા અને રસ્તા વગરના સ્થાન; છતાં લોકો હોંશે હોંશે થાક્યા વગર એ સ્થાન તરફ દોડયા કરે. આ આખી વિચારધારા જ મારા મગજમાં બેસતી ન હતી. પણ દશરથાચલની આ ભૂમિમાં થોડીવાર બેસતાની સાથે જ સમજાય ગયું કે માતાઓ કે દેવીઓ મૂર્ખી નથી, પણ ડાહી જ છે. અને માનવે ડુંગરાઓ ખૂંદવા જ જોઈએ. ઈશ્વરની શોધ માટેની અનિવાર્ય ઘટના છે એમ કહી શકાય.

પ્રભુ યોગેશ્વરજીના સમયની કલ્પના ભયાનક છે. ગાઢ જંગલો, જંગલમાં પ્રાણીઓ, ભૌતિક જગતની–ભૌતિક સગવડનો સંપૂર્ણ અભાવ, ખાવાની મુશ્કેલી, માગશર મહિનાની ઠંડીનો ચમકારો. આ બધું વિચારીએ એટલે પ્રભુને ૧૦૦ માંથી ૧૦૦ માર્ક આપવા જ પડે.

સાચું પૂછો તો દશરથની આ ટોચ પર મને એક જ વિચાર આવ્યો તેની નોંધ કરીને અટકીશું.

અત્યાર સુધી મારું અંગત માનવું હતું કે આધ્યાત્મિક વિકાસ કરવો એ ડાબા હાથની ચપટી વગાડવા જેટલું સહેલું કામ છે. હું ધારું તો ચપટી વગાડતાની સાથે ઈશ્વરદર્શન કરી સકાય. પરંતુ

વાસ્તવિકતાનો ખ્યાલ આજે આવી જ ગયો કે ઈશ્વરદર્શન કે આધ્યાત્મિક વિકાસનો માર્ગ લાંબો, કઠિન, અનેકવાર ધીરજની પરીક્ષા લેનારો છે એવું પ્રભુનું જીવનદર્શન કરવાથી સમજાઇ ગયું.

એક બીજી ઘટના પણ યાદ આવે છે જ્યાં ૬–૩૦ વાગ્યે તો અંધારું થઇ જાય એવા સ્થાનમાં સમય પસાર કરવા અને ઠંડી ન લાગે એવા આશયથી સરૂના ઝાડના ફૂલને ભેગા કરી તાપણું કર્યું. અને એક અસાધારણ ચમત્કાર અનુભવ્યો.

જો તમે ફક્ત આઠ–દશ માળના એપાર્ટમેન્ટની અગાશીમાં પણ ઊભા રહો તો પુષ્કળ પવન લાગે. દશમા માળે એટલે બહુ બહુ તો ૧૫૦–૨૦૦ ફૂટની ઊંચાઇ ગણી શકાય. આ તો પૂરા ૮૦૦૦ ફૂટની ઊંચાઇ! અને આવી રાત્રિએ ત્યાં બિલકુલ પવન ન મળે. અમે છેક રાત્રે ૧૨–૦૦ વાગ્યા સુધી બહાર ખુલ્લામાં તાપણું કરીને બેઠા પણ પવન ન લાગ્યો તે ન જ લાગ્યો.

અને આ વાત વર્ષોથી સુજાનકાંડામાં રહેતા દિલીપસિંહની સમજમાં પણ ન આવી. એ પણ માનવા તૈયાર ન થયા કે આજે પવન નથી. અથવા ન તો એ કારણ શોધી શકાયા કે પવન કેમ નથી? ગઇકાલે રાત્રે ૭–૦૦ વાગ્યે સુજાનકાંડાના ઘરમાં બે બે ધાબળા સાથે ધ્રૂજતા હતા અને આજે અહીં પરિસ્થિતિ જ બદલાઇ ગઇ!

કોના પ્રતાપે?

એ પ્રતાપનું દર્શન કરવું હોય તો જીવનમાં એકવાર દશરથદર્શન કરી આવો. પછી કોઇ પ્રશ્ન જ નહિ રહે એ નક્કી.

## * ઋષિવરોનો સંદેશ *

આજે માનવ સુખને માટે પ્રયાસ કરે છે પણ તેનો પ્રયાસ પૂરો થતો નથી, તેમ જ પરમ સુખની પ્રાપ્તિ તેને ભાગ્યે જ થાય છે. કેમ કે તેની સાધના ચોક્કસ દિશામાં હોતી નથી. આ દિશામાં સુખની કલ્પના અતૃપ્ત જ રહી ગઇ છે. એટલે જ જેને પરમ સુખની ઇચ્છા હોય તેણે ભારતીય ઋષિવરોનો સંદેશ સાંભળવો જોઇએ, ને જીવનમાં સચ્ચાઇ તેમ જ નીતિની પ્રતિષ્ઠા કરી, ઈશ્વરપ્રાપ્તિ કે જીવનની પૂર્ણતાનું વ્રત લઇ, તેની પૂર્તિ માટે પુરુષાર્થ કરવો જોઇએ. જીવન ઘણું જ ટૂંકું છે ને માર્ગ લાંબો છે, એ વાત સાચી છે : પણ જે સતત જાગ્રત કે સાવધ રહીને માર્ગ કાપવાની શરૂઆત કરે, તેને તો આ લગીર જેટલું જીવન પણ પોતાના પુરુષાર્થની સિદ્ધિને માટે પૂરતું થઇ પડે તેમ છે. જીવનની વિશાળ શક્તિમતી સરિતાને સંયમનો બંધ બાંધી તેના પાણીને જો આત્મિક ઉન્નતિને માર્ગે વાળવામાં આવે, તો તેથી જીવનની વાડી હરિયાળી બને છે.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

## * બ્રહ્માંડ કરતાં મોટું માનવ જીવન *

માનવનું જીવન આ પૃથ્વી ને તેના જેવી બીજી અનેક પૃથ્વી એટલે કે સમસ્ત બ્રહ્માંડની સરખામણીમાં છેક જ સ્વલ્પ, એક લગીર જેટલા તણખલા જેવું છે. આટલા વિશાળ બ્રહ્માંડમાં માણસની કીંમત કીટાણું કરતાં પણ ઓછી છે. છતાં તેની શક્યતાનો એટલે કે માનવજીવનની સંભવિતતાનો વિચાર કરીએ તો તેની કીમત ખૂબ જ વધારે લાગે છે, ને માનવ જીવન ગુણને સારની દૃષ્ટિએ સમસ્ત બ્રહ્માંડ કરતાં પણ વિશાળ લાગે છે. આ જીવનમાં સૌથી વિશેષ આનંદ નીતિના આચરણોનો ને આત્મદર્શન કે ઈશ્વર-દર્શનનો છે. જીવનને સુખી ને ગૌરવવંતુ બનાવવા માણસે અસત્યને છોડી સત્યમાં પ્રતિષ્ઠિત થવાનું છે : એટલે કે પરમ સત્યરૂપી પરમાત્માની પ્રાપ્તિ કરવાની છે. અજ્ઞાન ને અવિવેકને દૂર કરી જ્ઞાન ને વિવેકદૃષ્ટિ તેમ જ ઈશ્વરી પ્રેમના પ્રકાશથી તન, મન ને અંતરને રંગવાનું છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાન:–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.